# સિસોદરા ગણેશ લઘુ વિસ્તાર આયોજન

( જિલ્લો વલસાડ )


અહેવાલ લેખન :

મુસ્તાઅલી મસવી

સંકલન :

ડૉ. ઠાકોરભાઈ ભા નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૭




૨૦૭

# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | લવિનો નકશો | |
| ૧ | પ્રારંભ | ૧ |
| ૨ | પૃષ્ઠભૂમિ | ૭ |
| ૩ | લવિની સામાજિક રચના | ૧૩ |
| ૪ | લવિની અર્થવ્યવસ્થા | ૨૬ |
| ૫ | વિકાસ કાર્યક્રમ અને આયોજન | ૫૬ |

[illegible]
પરિશિષ્ટ

| | |
| --- | --- |
| ૧ | નવસારી તાલુકાના સિસોદરા ગણેશ પોકેટ વિસ્તારના ગામોની વસ્તી, અક્ષરજ્ઞાન |
| ૨ | પોકેટ વિસ્તારના ગામોમાં ઉપલબ્ધ સવલતો |
| ૩ | પોકેટ વિસ્તારના ગામોમાં સામાજિક સેવાઓ |
| ૪ | પોકેટ વિસ્તારમાં પ્રાથમિક સવલતો ધરાવતા ગામોની સંખ્યા |




**Map Showing**
the Project Area of
**VANSDA PROJECT**
Dist. Valsad

# પ્ર ક ર ણ - ૧

## પ્રા રં ભ

# પ્રકરણ - ૧

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસતિ પૂર્વડુંગરાળ પટ્ટીમાં આવેલી છે. રાજ્યમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે આઠ જિલ્લામાં (બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ભરુચ, સુરત, વલસાડ, ડાંગ અને પંચમહાલ) પથરાયેલી છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુખ્ય રાજ્યમાં આદિવાસીઓની વસતિ ૪૮.૪૯ લાખ જેટલી છે. જે કુલ વસતિના લગભગ ૧૪ ટકા જેટલી થાય છે બંધારણની ૪૬ કલમ મુજબ રાજ્યમાં ૧૯૭૬માં કુલ ૨૯ જાતિઓનો આદિવાસી જાતિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો

વિકાસની દ્રષ્ટિના અભિગમ તરીકે રાજ્યમાં આદિવાસી વિસ્તારોને મુખ્યત્વે નીચેના ચાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યો છે જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન રીતે અમલ થઈ શકે.

(૧) Areas of Tribal Concerntration
(આદિવાસી સંકલિત વિસ્તાર)

(૨) Pocket Areas (Modified Area Dev. Approach)
(લઘુવિસ્તાર)

(૩) Dispersed Tribals
(વેરવિખેર આદિવાસીઓ)

(૪) Primitive groups
(આદિમ જૂથો)

(૧) રાજ્યમાં ૩૨ તાલુકાઓમાં આદિવાસીઓની વસતિ ૫૦ ટકા કરતાં પણ વધુ છે. આ બધા વિસ્તારોને આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યની કુલ ૪૮. ૪૯ લાખની આદિવાસી વસતિમાંથી ૩૭.૩૮ લાખની વસતિ એટલેકે કુલ વસતિના ૭૮ ટકાને Tribal Area Sub planહેઠળ આવરી લેવામાં આવ્યા છે.

(૨) પોકેટ વિસ્તાર ( M A D A )

છઠ્ઠી પંચવર્ષિય યોજના પ્રમાણે જે વિસ્તારમાં આદિવાસીઓની વસતિ ૫૦ ટકા નથી પરંતુ એવા વિસ્તારોમાં આદિવાસીઓની વસતિ ૧૦,૦૦૦ ની હોય તેવા વિસ્તારોને પોકેટસ (લઘુવિસ્તાર)માં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં કુલ ૧૫ પોકેટસ નકકી કરવામાં આવ્યા છે. પરંતુ સાતમી પંચવર્ષિય યોજનામાં પંચમહાલ અને વલસાડ જિલ્લાના બીજા કેટલાક વિસ્તારોનો લઘુ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે

(૩) રાજ્યની કુલ ૪૮.૪૯ લાખની આદિવાસી વસતિમાં ૩૭.૩૮ લાખનો આદિવાસી વિસ્તાર પેટા યોજના ( T A SP ) હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે બાકીના ૨૨ ટકા આદિવાસીઓનો વસવાટ છૂટાછવાયો છે. આ વેરવિખેર ૨૨ ટકા આદિવાસીઓમાંથી ૮૩.૮૪ ટકા (૮,૯૨,૮૭૯) આદિવાસી જીલ્લાઓમાં છે જ્યારે ૧૬.૬૪ ટકા (૧,૭૮,૫૯૯) બિનઆદિવાસી જીલ્લાઓમાં છે. વેરવિખેર આદિવાસીઓમાં મુખ્યત્વે હળપતિઓની સંખ્યા વધુ છે, અને તેઓ મોટેભાગે ખેતમજૂરો અને બિનકુશળ કારીગરો છે આ વિસ્તારના આદિવાસીનો આર્થિક વિકાસ કાર્યક્રમ સામાન્ય યોજના પાછળ કરવામાં આવે છે. અને મુખ્યત્વે આવા કાર્યક્રમોમાં કુટુંબલક્ષી ( family oriented ) કાર્યક્રમો પર ભાર મૂકવામાં આવે છે.

(૪) આદિમજૂથો,

છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં રાજ્યની પાંચ અલ્પવસ્થામાં ( Primitive ) જીવન વ્યતિત કરતી કાથોડી, કોલઘા, સીદ્દી, કોટવાળિયા અને પઢાર જાતિનો આદિમજૂથમાં કેન્દ્ર સરકાર દ્વારા ગણવામાં આવેલ છે. આ પાંચેય જાતિ આર્થિક રીતે ઘણીજ પછાત છે તેમજ તેમનામાં શિક્ષણનો દર પણ ઘણોજ નીચો છે. આ જાતિઓના આર્થિક વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાયની જોગવાઈ કરવામાં આવી છે કોટવાલીયાને બાદ કરતાં કોલઘા, કાથોડી, સીદ્દી અને પઢાર જાતિના મોનાગ્રાફ કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે અને તેમાં જીવન સ્તર ઉંચુ લાવવા માટેના વિવિધ વિકાસ કાર્યક્રમો સૂચવવામાં આવે છે. રાજ્ય સરકારે આ બધી જાતિઓન માટે સૂચવેલ વિકાસ કાર્યક્રમોનો સ્વીકાર કર્યો છે અને તેમાંથી ઘણા કાર્યક્રમો સઘન રીતે અમલી બનાવવામાં આવ્યા છે.

<u>લઘુ વિસ્તાર એટલે શું</u> ?

છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ બહાર વસતાં આદિવાસીઓ માટે લઘુ વિસ્તાર બનાવવા

માટે બે માપદંડો હોવા જોઈએ એવું કહેવામાં આવ્યું છે. (૧) લઘુ - વિસ્તારની (પોકેટસ) વસતિ ૧૦,૦૦૦ હોય અને એમાંથી ૫૦ ટકા વસતિ આદિવાસીઓની હોવી જોઈએ (૨) લઘુવિસ્તાર એ કોઈપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ.

સર્વેક્ષણ સંશોધનનો વિષય :

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી ન લાવેલા હોય તેવા વિસ્તારોનું આયોજન કરી વિકાસ કાર્યક્રમો શરુ કરી દેવાતા હતાં. પરંતુ અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ આવા વિસ્તારોનું આયોજન થઈ શક્યું નહોતું. આથી ભારત સરકારના ગૃહમંત્રાલય અને રાજ્યના આદિવાસી કમિશ્નર વિભાગની આશા છે કે સાતમી પંચવર્ષીય યોજનામાં પ્રથમ વરસમાં આ કામ પુરું કરી દેવું જોઈએ. જેથી યોજનાઓ બાકીનો મોટો સમય એને કાર્યાન્વિત કરવામાં વાપરી શકાય. ગુજરાત રાજ્યના ૧૫ લઘુ - વિસ્તારોનું (Pockets ) આયોજન. xxx કરવાનું કાર્ય આદિજાતિ વિકાસ કમિશ્નરે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યું. કેન્દ્રે રાજ્યના બધા ૧૫ લઘુ વિસ્તારોનું કામ હાથ ધરવાનું નક્કી કર્યું અને એ રીતે કેન્દ્રના સેવકગણને જુદા જુદા વિસ્તારોની કામગીરી સોંપાઈ. અમારે વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના સિસોદરા ગણેશ પોકેટસ. વિસ્તારના આયોજનની કામગીરી સોંપવામાં આવી હતી.

૧:૩ સર્વેક્ષણનું ધ્યેય :

લઘુવિસ્તારના આયોજન માટે નીચે જણાવ્યા મુજબના મુખ્યત્વે ધ્યેય પર ભાર મૂકવામાં આવ્યો છે.

(૧) સિસોદરા ગણેશ લઘુ વિસ્તારની ઊંડાણપૂર્વક તપાસ કરવી.

(૨) આ પોકેટમાં આવેલ ગામોમાં કેવા પ્રકારની સવલતો ઉપલબ્ધ છે તેની વિગતવાર માહિતી એકત્ર કરવી.

(૩) તપાસના આધારે લઘુવિસ્તારમાં એના આદિવાસી લોકોની આર્થિક-સામાજિક સ્થિતિ જાણી તેમના પ્રશ્નો અને સમસ્યાઓની માહિતી મેળવી તેમનું જીવનસ્તર ઉંચું લાવવા માટે આયોજન કરી વિવિધ પગલાઓ સૂચવવાનું છે.

સંશોધનની પ્રવિધિઓ, પધ્ધતિઓ :

આ સંશોધન અભ્યાસ માટે ક્ષેત્રકાર્યની પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિસ્તારના ગામોમાં ક્ષેત્રકાર્ય કરી માહિતી એકઠી કરવામાં આવી હતી. આ માટે એક અનુસૂચિ ( Schedule ) તૈયાર કરવામાં ~~આવ્યું હતું~~ આવી હતી. આ અનુસૂચિત ધ્વારા પસંદ થયેલ ગામોના કુટુંબો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. અનુસૂચિમાં મુખ્યત્વે કુટુંબની સામાજિક - આર્થિક - શૈક્ષણિક - દેવું વગેરે પરિસ્થિતિને લગતા પ્રશ્નોની પૂચ્છા કરવામાં આવી હતી. આ ઉપરાંત એક ગામપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું જે ધ્વારા દરેક ગામમાં કયા પ્રકારની સવલતો ઉપલબ્ધ છે તેની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી તદઉપરાંત એક મુલાકાત માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી જે ધ્વારા પસંદ થયેલ ગામના સરપંચશ્રી, તલાટી, સરકારી મંડળીના પ્રમુખ તેમજ ગામના આગેવાનો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી હતી. ક્ષેત્રકાર્યની અનુસૂચિ અને મુલાકાત માર્ગદર્શિકા ધ્વારા માહિતી મેળવવાની સાથોસાથ કેટલીક માહિતી નિરીક્ષણ અને સહભાગી નિરીક્ષણ ધ્વારા મેળવવામાં આવી હતી. પસંદ થયેલ દરેક ગામમાં ચાર દિવસ રહી ક્ષેત્ર કાર્ય કર્યું હતું. પસંદ થયેલ ગામોમાં પંચાયત ઘરની સગવડ હોવાથી રહેઠાણની સુવિધા મળી રહી હતી. પસંદ થયેલ ગામોમાં આદિવાસી સિવાય દેસાઈ તેમજ અનાવીલ બ્રાહ્મણોની વસતી હોવાથી સર્વેક્ષણ કામ અંગે કેટલીક શંકાઓ ઊભી થતી હતી. કેટલાક લોકો સરકાર વધુ આદિવાસીઓ માટે જ કરે છે જ્યારે બીજા ગામના અનેક લોકો આદિવાસી કરતાં પણ બદતર સ્થિતિમાં જીવન જીવે છે તે અંગે કોઈ ~~વિચાર~~ વિચાર કરતી નથી. એકંદરે

ક્ષેત્રકાર્ય દરમ્યાન દરેક ગામોમાં સારો એવો સહકાર સાંપડયો હતો. ક્ષેત્રકાર્ય દરમ્યાન રાજ્યભરમાં કર્મચારીઓનું રોસ્ટર આંદોલન ચાલતુ હોવાથી તાલુકા મથકેથી તેમજ ગામ સ્તર પરથી કેટલીક માહિતી મેળવી શકાય નહોતી. પરંતુ પાછળથી કેટલાક માહિતી જિલ્લાસ્તર પરથી મેળવી હતી જેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

સીસોદ્રા ગણેશ પોકેટ વિસ્તારમાં કુલ નવસારી તાલુકાના ૭૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાંસદા સંકલિત આદિજાતિ વિસ્તારમાં કુલ ચાર પોકેટ વિસ્તારો આવેલા છે જે પૈકી સિસોદ્રા ગણેશ નવસારી તાલુકામાં આવેલો છે. (જુઓ નકશો)(પરિશિષ્ટ - ૧) કુલ ૭૧ ગામમાંથી ૧૦ ટકા ગામો sampling method થી પસંદ કરવામાં આવ્યાં હતાં. આમ કુલ ૭ ગામો પસંદ કર્યાં હતા. અને દરેક ગામમાંથી વીસ આદિવાસી કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. કુટુંબોની પસંદગી સમયે ખેતી કરતાં તેમજ ખેતમજૂરો કુટુંબોની પસંદગી થાય એ રીતે કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. કુલ ૭ ગામોમાંથી ૧૪૦ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી પસંદ થયેલ કુટુંબોમાંથી ૨૭ કુટુંબનો મુખ્ય ધંધો ખેતીનો, ૭૮ કુટુંબો ખેતમજૂરી અને ૩૫ કુટુંબો અન્ય વ્યવસાયમાં રોકાયેલાં હતાં.

આ અહેવાલનું પ્રકરણીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

પ્રકરણ ૧ માં લવિ એટલે શું, સર્વેક્ષણનો હેતુ, સંશોધનની પ્રવિધિઓ અને પધ્ધતિઓ, ગામોની પસંદગી, ક્ષેત્રકાર્યનો સમય વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ ૨માં લવિનો ઈતિહાસ, લવિની ભૂગોળ, આબોહવા, વૃક્ષો, વનસ્પતિ, પશુપંખો વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ ૩ માં લવિની સામાજિક સંરચનામાં લવિની વસ્તી, પ્રજાતીય તત્વો, કુટુંબ વ્યવસ્થા, સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ ૪માં લવિની અર્થવ્યવસ્થા જેમાં તેમના ઘરોની સ્થિતિ, ઘરનો સરસામાન, ખેતીના સાધનો પધ્ધતિઓ આવક, ખર્ચ, દેવું વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

~~પ્રકારણ ૫ માં આયોજનના સિધ્ધાંતો અને હેતુઓની ચર્ચા કરવામાં આવી છે.~~

પ્રકરણ ૬ માં ક્ષેત્રકાર્યને લક્ષામાં રાખી લવિના લોકો માટે શું શું થઈ શકે અને કેવા કેવા કાર્યક્રમો વિચારી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે, અને આયોજનની રૂપરેખા તૈયાર કરી છે

~~પ્રકરણ ૭ માં ક્ષેત્રકાર્ય પર આધારિત તારણો તારવવામાં આવ્યા છે અને લવિના લોકોનું જીવન સ્તર ઊંચુ આવે તે માટે સૂચનો સૂચવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.~~

લવિનો આ અભ્યાસ અનેક વ્યકિતઓની મહેનતનો પરીપાક છે. સમગ્ર સર્વેક્ષાણમાં અનેક લોકોએ અમોએ ખાસ કરીને પસંદ થયેલ ગામના સરપંચશ્રીઓ, તલાટીઓ, આગેવાન વ્યકિતઓએ સાથ આપ્યો છે. લવિનું ક્ષેત્રકાર્ય શ્રી જીતેન્દ્ર જોષીએ ખંતપૂર્વક કર્યું હતુ તેમજ સર્વેક્ષાણનું કોષ્ટીકરણ તેમજ અંતિમ ~~ફાઈનલ~~ કોઠાઓ ~~[illegible]~~ બનાવી આપવામાં જે જેહમત ઉપાડી હતી તે ભૂલાય એમ નથી. તેના સહકાર વિના આ કાર્ય પૂર્ણ કરી શકાત નહીં. લવિના સર્વેક્ષાણ માટે પસંદ થયેલ આદિવાસી કુટુંબોએ વિના સંકોચે માહિતી પૂરી પાડી તે બદલ તેમનો આભારી છું. અંતમાં કેન્દ્રના નિયામકશ્રી લઘુવિસ્તારોના આયોજનના અહેવાલ લેખન માટે થોડાક માર્ગદર્શન સહિત આવા વિસ્તારોનું આયોજન કેવી રીતે થઈ શકે તેથી સુરેખા તૈયાર કરી આપી, અને વખતો વખત આ અંગે ચર્ચા કરી જે માર્ગદર્શન પૂરું પાડયુ તે બદલ તેમનો અંતકરણપૂર્વક ઋણી છું.

## પ્રકરણ - ૨

## પૃષ્ઠ ભૂમિ

સિસોદ્રા ગણેશ પોકેટ વિસ્તાર; વલસાડ જિલ્લાના નવસારી તાલુકામાં આવેલો છે. તા. ૧-૬-૬૪થી ગુજરાત સરકારે સુરત જિલ્લાના બે ભાગ પાડી બે જિલ્લા બનાવ્યા છે. ઉત્તરનો ભાગ તે સુરત જિલ્લો અને દક્ષિણનો વિભાગ વલસાડ જિલ્લો છે. વલસાડ જિલ્લાની ઉત્તરથી દક્ષિણ લંબાઈ ૧૨૪ કિલોમીટર અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૮૦ કિલોમીટર છે. આ જિલ્લાનું એકંદર ક્ષેત્રફળ ૫૧૮૯.૮ ચો. કિલોમીટર જેટલું છે. વલસાડ જિલ્લો ત્રિકોણાકાર આકારમાં વસેલો છે. વલસાડ જિલ્લાની ઉત્તરે સુરત જિલ્લો, દક્ષિણે મહારાષ્ટ્રનો થાણા જિલ્લો અને નગર હવેલી, પૂર્વે મહારાષ્ટ્રનો નાસિક જિલ્લો તથા ગુજરાતનો ડાંગ જિલ્લો અને પશ્ચિમે દરિયો આવેલા છે. પોકેટનું મુખ્ય ગામ સિસોદ્રા ગણેશ વલસાડ જિલ્લાના નવસારી તાલુકામાં આવેલું છે. નવસારી તાલુકાની ઉત્તરે મીંઢોળા નદી, અને સુરત જિલ્લાનો ચોર્યાસી તાલુકો, પૂર્વે સુરત જિલ્લાના પલસાણા અને મહુવા તાલુકા અને પશ્ચિમે દરિયો આવેલા છે. પોકેટનું ગામ તાલુકા મથક નવસારીથી ૫ કીલોમીટર દૂર અને જિલ્લા મથક વલસાડથી ૪૮ કિલોમીટર દૂર આવેલું છે. ગામની પાસેથી નેશનલ હાઈવે નં. ૮ અને રાજ્ય ધોરીમાર્ગ પસાર થાય છે. નવસારીથી સીટી બસમાં બેસીને સિસોદ્રા ગણેશ પહોંચી શકાય છે. ગામ પર આવવા જવા માટે બસની સારી સુવિધા ઉપલબ્ધ છે.

જિલ્લાની મુખ્ય નદીઓમાં મીંઢોળા, પૂર્ણા, અંબિકા અને પાર નદીઓ છે. વલસાડ અને સુરત જિલ્લાને મીંઢોળા નદી છૂટા પાડે છે. મીંઢોળા નદીનું મૂળ સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં છે. ત્યાંથી તે વ્યારા, બારડોલી અને પલસાણા તાલુકામાં વહીને વલસાડ જિલ્લાના ઉત્તર ભાગમાં વહેતી વહેતી ભીમપાર નજીક દરિયાને મળે છે. પૂર્ણા નદી પણ મોટી છે તે પીંપલનેરના ડુંગરમાંથી નીકળી વાલોડ અને મહુવા

તાલુકામાં વહેતી વહેતી નવસારી તાલુકામાં વહી છેવટે દરિયાને મળે છે. પૂર્ણા નદી પર નવસારી ગામ આવેલું છે. અંબિકા નદીને વાડીઓની નદી કહેવામાં આવે છે. આ નદી ડાંગ જિલ્લાના આહવાની નજીકથી નીકળે છે. વાંસદા, ચીખલી અને ગણદેવી તાલુકામાં વહેતી વહેતી ધોલાઈ નજીક દરિયાને મળે છે. આ નદી પર બીલીમોરા વેપાર ઉદ્યોગનું મથક છે. આ નદીના બંને કિનારાઓ પર કેરી, ચીકુ, કેળાં અને કણસની ખૂબ વાડીઓ આવેલી છે. શુલગણાના ડુંગરોમાંથી ખાન અને તાન નદીઓ નીકળે છે. ધરમપુર તાલુકાના ભાભા ગામ નજીક બંને ભેગી મળે છે. પછી તે ઓરંગા નદીના નામે ઓળખાય છે. તે ભદેલી જગલાલા ગામ પાસે દરિયાને મળે છે. હનુમાનભાગડા બંદર આ નદી પર આવેલું છે. પાર નદી પણ સુલગણાના ડુંગરોમાંથી નીકળે છે. પારડી અને વલસાડ તાલુકાની સરહદે વહેતી વહેતી તે ઉમરસાડી આગળ દરિયાને મળે છે. પાર નદી પર અતુલનું મોટું કારખાનું આવેલું છે. આ જિલ્લાની કોલક નદી તે ધરમપુર તાલુકાના ઉંબરઘાટના ડુંગરમાથી નીકળી ધરમપુર અને પારડી તાલુકામાંથી વહી કોલક બંદર નજીક અરબી સમુદ્રને મળે છે. કોલક બંદર પર માછીમારીનો ધંધો ખૂબ ચાલે છે. આ જિલ્લાની દમણગંગા નદી પણ ધરમપુરના ઉંબરઘાટ ડુંગરમાંથી નીકળી પારડી અને દમણ પાસે અરબી સમુદ્રને મળે છે. વલસાડ જિલ્લાનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે.એટલે બધી નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે.

આ સિવાય કાળુ નામની નાની નદી આવેલી છે. તે નગર હવેલીના ડુંગરમાંથી નીકળી ઉમરગામ તાલુકામાં વહી સમુદ્રને મળે છે. જિલ્લાનો ઢાળ પુર્વથી પશ્ચિમનો છે એટલે બધી નદીઓ પુર્વથી પશ્ચિમ તરફ વહે છે.

આ સિવાય નવસારી તાલુકામાં કનાઈ, ચીખલી તાલુકામાં ધોલવરો, વલસાડ તાલુકામાં વાંકા અને બાળ, તના, પારડી તાલુકામાં પરિવારી, કેથલ, ભૈસુ અને રાત તેમજ ઉંબરગામ તાલુકામાં વાચેલી ખાડીઓ આવેલી છે. વલસાડ જિલ્લામાં તળાવો ઘણા છે અને ખાસ

કરીને ડાંગરની કયારીઓ છે ત્યાં તળાવો છે. તાલુકા નવસારીમાં સરઈ, ટોપી, પડધા અને ઉગત ગામે તળાવ છે. નવસારી અને ગણદેવી તાલુકાના કેટલાક મોટાં તળાવોમાં માછલી ઉછેર-ધંધો પણ ચાલુ છે. અને તેમાંથી ગ્રામ પંચાયતો સારી આવક મેળવે છે. આ બધા તળાવોમાંથી સુપડાથી કે દરવાજા માટે પાણી લઈ આજુબાજુની જમીનમાં ખેતી અને શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. સુરત જીલ્લાની તાપી નદી પર કાકરાપાર ગામ પાસે કાકરાપાર ડેમ બાંધેલો છે. કાકરાપાર નદીના ડાબા કાંઠાની મુખ્ય નહેરમાંથી વલસાડ જિલ્લામાં જયાં જયાં નહેરના ફાંટા ત્યાં તે ફાંટા તળાવમાં પાડવામાં આવ્યાં છે. અને નહેરના પાણીથી તળાવો ભરેલાં રહે છે. આ તળાવોમાંથી આજુ બાજુની ખેતીની જમીનમાં સિંચાઈ થાયો છે. કેટલીક જગ્યાએ સુપડાથી પાણી લે છે. કેટલીક જગ્યાએ પંપથી અને કેટલીક જગ્યાએ પાણી માટે રાખેલા દરવાજા ખોલીને પાણી લઈ ખેતી કરે છે. કાકરાપાર બંધમાંથી ડાબા કાંઠાની લગભગ ૬૪ કિલોમીટર લાંબી મુખ્ય નહેર ઉત્તર-દક્ષિણ તરફ વહે છે. ડાબા કાંઠાની મુખ્ય નહેરમાંથી ઉપશાખાઓ અને તેમાંથી બીજી નાની-મોટી અનેક નહેરો કાઢવામાં આવી છે. આવી શાખાઓમાં નવસારી શાખા પણ મુખ્ય છે. આ શાખામાંથી લખીના ગામોને સિંચાઈનો લાભ મળે છે. આમ નહેરની સિંચાઈનો ખેડૂતો સારો લાભ લઈ રહયાં છે. ખાસ કરીને ઘઉં, શેરડી, કેળ અને શાકભાજી તથા ડાંગરના પાકમાં જયાં જયાં આ નહેરો છે તે તમામ ગામો સારો લાભ લે છે.

વલસાડ જિલ્લાના નવસારી, ગણદેવી, વલસાડ, પારડી અને ઉંબરગામ તાલુકાઓ દરિયા કિનારે આવેલા છે. એટલે આ તાલુકાનું હવામાન માફરસર રહે છે. ચીખલી, ધરમપુર અને વાંસદા

તાલુકાઓ દરિયાથી દૂર છે એટલે અહીં શિયાળામાં વધારે ઠંડી અને ઉનાળામાં વધારે ગરમી પડે છે. પરંતુ સામાન્ય રીતે આખા જિલ્લાનું હવામાન હમેશાં ખુશનુમા રહે છે. નવસારી તાલુકાનું સૌથી વધુમાં વધુ ઉષ્ણતામાન મે માસમાં ૪૦° સેન્ટીગ્રેડ (૧૯૮૧) જોવા મળ્યું હતું અને ન્યુનતમ હવામાન ૯° સેન્ટીગ્રેડ ડીસેમ્બરમાં જોવા મળે છે. જિલ્લાને કાંઠે નવસારી, બીલીમોરા, વલસાડ, કોલક અને ઉંબરગામ બંદરો છે એટલે અહીંના લોકો બંદરી વેપાર તથા અન્ય ધંધાઓ પણ કરે છે.

જિલ્લામાં સરેરાશ ૧૦૦ સેમી.થી ૧૮૮ સે.મી. વરસાદ પડે છે. બધા જ તાલુકાઓમાં સરખો વરસાદ પડતો નથી. ઉમરગામ, પારડી, ધરમપુર, વાંસદા અને વલસાડ તાલુકામાં વધારે વરસાદ પડે છે. ગણદેવી, ચીખલી અને નવસારી તાલુકામાં બીજા તાલુકાઓ કરતાં ઓછો વરસાદ પડે છે. નવસારી તાલુકામાં ૧૯૮૧ના વરસમાં ૭૦ દિવસ વરસાદમાં ૧૪૦૭ મીલીમીટર વરસાદ નોંધાયો હતો.

વન વિસ્તાર.

વન એ રાષ્ટ્રીય સંપત્તિ છે. રાજ્યમાં કુલ જમીનના પ્રમાણમાં જંગલનું પ્રમાણ ઓછું છે. વલસાડ જિલ્લામાં તે પ્રમાણ ઘણું ઓછું છે. આદિવાસીઓનું જીવન જંગલ વિકાસ સાથે ખૂબ અગત્યનો સંબંધ ધરાવે છે. જંગલ જિલ્લાના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે. જિલ્લામાં સૌથી વધુ જંગલ વિસ્તાર ધરમપુર, વાંસદા, ઉમરગામ અને નવસારી તાલુકાઓમાં છે. ૧૯૮૧-૮૨માં વલસાડ જિલ્લામાં કુલ ૧,૨૫,૦૭૯ હેકટર જંગલો હતાં. આજ વરસમાં નવસારી તાલુકામાં ૩,૩૫૮ હેકટર જંગલો હતાં લવીના વિસ્તારમાં જંગલમાં મુખ્યત્વે વાંસનું લાકડું, જલાઉ લાકડું, કોલસા અને અન્ય ઝાડવો જોવા મળ્યાં હતાં. ગૌણ વન્ય પ્રદેશોમાં વાંસ, મહુવા,, ગુંદર અને જુદા જુદા

જાતના ઔષધીના ઝાડો જોવા મળે છે. આદિવાસી અને બિન-આદિવાસીઓના ખેતરમાં વાંસના ઝાડ જોવા મળે છે. લવીના વિસ્તારમાં [illegible]-ફણસ અને [illegible] વધુ જોવા મળતાં હતાં. લવીના વિસ્તારમાં સિંચાઈની સગવડ સારી હોવાને કારણે કેળાની ખેતી પણ સારા પ્રમાણમાં થાય છે. લવીના વિસ્તારના ગામોમાં વાડીઓમાં કેરી, ચીકુ, ફણસ, આદુ, મરચાં ખૂબ થાય છે. પરંતુ મોટાભાગની વાડીઓની માલીક અનાવિલ તેમજ કોળી પટેલ લોકો છે. આદિવાસીઓ પાસે આવું પ્રમાણ ઘણુંજ ઓછું છે.

આ લઘુવિસ્તારમાં ખાસ પ્રકારની લાલમાટી (પથરી) નીકળે છે. આ માટીમાંથી મેંગ્લોરી નળિયા બનાવવામાં આવે છે. મેંગ્લોરી નળિયા બનાવવા માટે જમીન માલિો રાખી લે છે.

લવિના વિસ્તારની જમીન કાળી છે. વરસાદ પણ ૧૯૦ સે.મી. ૧૫૦ સે.મી. જેટલો પડે છે. તેથી કપાસ, જુવાર, શેરડી, અને ડાંગર ખૂબ પાકે છે. વળી કાકરા પાર નદીમાંથી પાણી મળે છે એટલે ઘઉ અને શાકભાજી પણ સારા પ્રમાણમાં થાય છે. તાલુકાની પશ્ચિમે દરિયો આવેલો છે. દરિયા કાંઠે મીઠું પકવવામાં આવે છે. પૂજ્ય બાપુજીએ ૧૯૩૦ માં મીઠાનો સત્યાગ્રહ કરેલો અને દાંડીકૂચ કરેલી એ દાંડી ગામ પણ આ તાલુકામાં આવેલુ છે. પૂજ્ય બાપુજીની યાદગીરીમાં દાંડીમાં ગાંધી સ્મારક બાંધેલુ છે. તાલુકામાં હવા ખાવાનું સુંદર મથક ઉભરાટ છે. અહીં જૂનો મહેલ દરિયા કિનારે આવેલો છે. સરકાર તરફથી ઉનાળામાં હોલીડે કેમ્પ થાય છે. ઘણાં યાત્રાળુઓ સહેલગાહ માટે અહીં આવે છે.

તાલુકાના ૨૩૯ ગામો છે. તેમાં નવસારી, જલાલપોર, દાંડી, કરાડી, મરોલી, ઉભરાટ, પડઘા, સુપા, નાગધરા, સાતેમ, કબીલપોર, અબ્રામા વીરાવળ અને બરસાડ મુખ્ય છે. તાલુકાનું મુખ્ય, મથક નવસારી છે. ગાયકવાડ સરકારના વખતથી તે આગળ પડતુ શહેર અને બંદર છે. દાદાભાઈ નવરોજીની એ જન્મભૂમિ, પારસી લોકોની વધુ વસતી શહેરમાં બે મોટી કાપડની મીલો, નારણલાલનું

વાસણ બનાવવાનું કારખાનું, વીસ નાના મોટા કારખાના આવેલાં છે. નવસારીમાં તેમની મિલો આવેલી છે. સીસોદ્રા ગણેશ પાસે ટાટા મિલનું લોખંડનું કારખાનું આવેલુ છે. આ કારખાનામા આજુ બાજુ વિસ્તારના આદિવાસીઓને નોકરી મળે છે. નવસારીમાં દુધિયા તળાવ પાસે રોટરી આઇ ઈન્સ્ટીટ્યુટ નામે આંખની હોસ્પિટલ બાંધવામાં આવી છે. દેશમાં આ પ્રથમ નંબરની હોસ્પિટલ કહેવાય છે. નવસારીમાં સ્ટેનલેસ સ્ટીલમાં કારખાનાં આવેલાં છે. તેલની મિલો પણ નવસારીમાં છે. નવસારીમાં કસબી ખાદી ઉધ્યોગનું મોટું મથક છે. આ કેન્દ્ર મુરબ્બી દીલખુશભાઇ ચલાવે છે. મરોલીમાં આજીવન મૂક સેવિકા મીઠુબહેન પીટીટ કસ્તુરબા આશ્રમ ચલાવતા હતાં. અહીં ગાંડાની સારવાર માટે દવાખાનું છે.

વલસાડ જિલ્લાનો ૧૧૨.૭ કિલોમીટર સાગર કાંઠો છે. માછીમારોની સારી એવી વસતી છે. જિલ્લાના દરિયા કીનારે વસતા અને મોટી નદીઓને કિનારે વસતા માછી ભાઇબહેનો મચ્છીમારીના ઉધ્યોગમાં જોડાયેલા છે, એવુ નથી પરંતુ સાથે સાથે મીઠા પાણીનો મત્સઉધ્યોગ પણ સરકારી ધ્વારા ખીલવવાનો પ્રયાસ થઇ રહયો છે. જયાં આગળ તળાવોમાં બારેમાસ પાણી રહેતુ હોય તેવી જગ્યાએ શેરુ, મ્રીગલ, કટલા વગેરે મીઠા પાણીની માછળીનો ઉધ્યોગ ચાલે છે. લવી વિસ્તારના ઘણા ગામોમાં ગ્રામ પંચાયત ધ્વારા મત્સય ઉધ્યોગ ચલાવવામાં આવે છે.

## પ્રકરણ - ૩

## લવિની સામાજિક રચના

વસ્તી :

સિસોદ્રા ગણેશ લવિ વિસ્તાર વલસાડ જિલ્લામાં આવેલો છે ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે વલસાડ જિલ્લાની વસતિ ૧૭૭૪૧૭૬ છે જેમાં ગ્રામ્ય વસતિ ૭૮.૦૮ ટકા અને શહેરી વસતિ ૨૧.૯૨ ટકા છે,કુલ ૮ તાલુકા આવેલા છે. વસતિની દ્રષ્ટિએ જોઈએ તો ૮ તાલુકા- માંથી નવસારી તાલુકામાં સૌથી વધુ વસતી છે(૩૫૯૭૯૭). વલસાડ જિલ્લામાં કુલ ૮૨૩ ગામો છે જેમાંથી એક ગામ ઉજ્જડ છે. શહેરોની સંખ્યા ૨૨ ની છે. વસ્તીની ગીચતા દર ચો.કિલોમીટર ૩૩૯ છે. અને દર હજાર પુરુષોદીઠ સ્ત્રીઓની સંખ્યા ૯૮૧ ની છે. વલસાડ જિલ્લાની કુલ વસતિમાં ૩.૦૯ ટકા અનુસૂચિત જાતિ અને ૫૪.૫૯ ટકા અનુસૂચિત જનજાતિની વસતી છે. આમ કુલ ૫૮ ટકા વસતી હરિજન અને આદિવાસીઓની છે. બાકી ૪૨ ટકા અન્ય કોમોની વસતી છે.

૧૯૮૧ ની વસતી ગણતરી પ્રમાણે લવિના નવસારી તાલુકાની વસતિ ૩૫૯૭૯૭ ની છે. જેમાં ગ્રામ્ય વસતિ ૬૨.૪૫ ટકા અને શહેરી વસતિ ૩૭.૫૫ ટકાની છે. નવસારી તાલુકામાં કુલ ૧૩૯ ગામો છે અને દરેક ગામમાં આદિવાસીઓની વસતિ આવેલી છે. જેમાં શહેરોની સંખ્યા ૪ની છે. વસતીની ગીચતા દર ચો.કિલોમીટરે ૪૯૦ ની છે. જે જિલ્લાની સરેરાશ (૩૩૯ કરતાં વધુ છે. દર હજાર પુરુષો સ્ત્રીઓની સંખ્યા ૯૩૬ ની છે જે જિલ્લાની સરેરાશ (૯૮૧) કરતાં ઓછી છે. નવસારી તાલુકાની કુલ વસતિમાં અનુસૂચિત જાતિની વસતિ ૧૫૧૧૮ (૪.૨૦ ટકા) અને અનુસૂચિત જનજાતિની વસતિ ૧૦૫૬૩૮ (૨૯.૩૭) ટકા આવેલી છે. આમ કુલ વસતિના ૩૪ ટકા

વસતિ હરિજનો અને આદિવાસીઓની છે આમ જિલ્લાની સરખામણીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી ઓછી છે.

૧૯૮૧ ની વસ્તી ગણતરી પ્રમાણે લવીના ૭૩ ગામોની વસતી ૧૦૦૨૧૫ની હતી જેમાં અનૂસૂચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૪.૮૯ ટકા (૪૯૦૯), અને અનૂસૂચિત જનજાતિની વસતી કુલ વસ્તીના ૫૬.૯ ટકા (૫૭૦૯૩) ની હતી. આમ કુલ વસતીમાં ૬૦ ટકા વસ્તી પછાત વર્ગના લોકોની હતી. અનુસૂચિત જન જાતિમાં મુખ્યત્વે દૂબળા, ધોડિયા, નાયકા-નાયકડા, ભીલ, ગામીત અને ચૌધરીની હતી. ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જાતિવાર આંકડાઓ અપ્રાપ્ય હોઈ નવસારી તાલુકામાં ૧૯૭૧ની વસતી ગણતરી પ્રમાણે સૌથી વધુ વસ્તી દૂબળા (૧૬૦૬૫) નાયક, નાયકડા (૧૦૧૫૯), ધોડિયા (૬૪૨૭) ની હતી.

નવસારી તાલુકાની વસ્તી ૧૯૬૧ ની વસ્તી ગણતરી મુજબ ૨,૭૫,૭૨૭ની હતી જે વધીને ૧૯૭૧માં ૨,૭૬,૪૨૫ની થઈ હતી આમ દાયકા દરમ્યાન, કુલ વસ્તીમાં ૨૨.૪૬ ટકાનો વધારો થયો હતો જ્યારે આજ ગાળા દરમ્યાન નવસારી તાલુકાની આદિવાસી વસ્તીમાં ૨૭.૦૧ ટકાનો વધારો નોંધતો હતો. આદિવાસી વસ્તી ૬૦,૭૩૮ (૧૯૬૧) થી વધીને ૭૭,૧૪૧ (૧૯૭૧) માં થઈ હતી. ૧૯૮૧ની વસતી ગણતરી પ્રમાણે નવસારી તાલુકાની કુલ વસતી ૩૫૯૭ ની હતી આમ ૧૯૭૧ - ૧૯૮૧ ના દાયકા દરમ્યાન તાલુકાની કુલ વસતીમાં ૩૦.૧૬ ટકાનો વધારો નોંધાયો હતો જે ૧૯૬૧-૧૯૭૧ના કરતાં વધુ હતો. ૧૯૮૧ ની વસતી ગણતરી પ્રમાણે નવસારી તાલુકામાં આદિવાસીઓની વસતી ૧૦૫૬૬૮ ની હતી જ્યારે ૧૯૭૧ માં આદિવાસીઓની વસ્તી ૭૭,૧૪૧ ની હતી. આમ દાયકા દરમ્યાન આદિવાસી વસતીમાં ૩૬.૯૮ ટકાનો વધારો નોંધાતો જે સામાન્ય વસતી કરતાં વિશેષ હતો.

લવીના ગામવાર વસતીના વધારાનુ ચિત્ર ~~XXXXXX~~ પરિશિષ્ટ - ૧ માં આપવામાં આવ્યુ છે.

## કામકરનાર વસ્તી :

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે તાલુકાની કુલ વસ્તીમાં ૫૪૦૨૦ લોકો (૫૧.૧૨ ટકા) કામ કરનારા હતાં. કુલ પુરુષ વસ્તીમાંથી ૬૦.૩ ટકા લોકો કામ કરતાં હતા જ્યારે કુલ સ્ત્રી વસ્તીમાંથી ૪૧.૧૯ ટકા કામ કરતાં હતાં. કુલ વસ્તીમાંથી (૧.૭૯ ટકા) સીમાન્ત કામ કરનારાઓ હતાં. જ્યારે કુલ કામકરનારાઓમાંથી ૭૪૮ ખેતીમાં (૧.૪) ૩૭૬૯૮ ખેતમજૂર (૬૯.૮) ૨૩૮ (૦.૪૪) ગૃહઉદ્યોગ, સેવા વગેરેમાં અને ૧૫૩૩૭ (૨૮.૪) અન્ય કામ કરનારાઓ હતાં. જ્યારે લવિના ૭૩ ગામોની કુલ વસ્તીમાં ૫૩૩૧ ખેતીમાં (૫.૩૧ ટકા) ૨૦૪૧૩ (૨૦.૩૬) ટકા ખેતમજૂરો હતાં.

## શિક્ષણ :

અક્ષરજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ નવસારી તાલુકામાં કુલ આદિવાસી વસતિમાંથી ૨૪.૩૮ ટકા શિક્ષિત હતા જ્યારે ૭૫.૬૨ ટકા અજાણ હતા એજ રીતે લવીના ગામોમાં જોઈએ તો અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી ૩૦૪૮૯ ની હતી, જે કુલ વસ્તીના ૩૦.૪૨ ટકા હતી. આમ લવીના ગામોમાં સમગ્ર તાલુકાની આદિવાસી વસ્તી કરતાં શિક્ષણનું પ્રમાણ વધુ હતું. ગામવાર અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા પરિશિષ્ટ - ૧ માં આપવામાં આવી છે.

અભ્યાસમાં પસંદ થયેલ પાંચ ગામોની કુલ ૭૨૭ વસતીમાંથી ૭૨.૧ લોકો અજાણ હતાં માત્ર ૩૮ ટકા લોકો શિક્ષિત હતાં. કુલ પુરુષ વસતીમાંથી ૬.૩ ટકા અજાણ અને કુલ સ્ત્રી વસતીમાંથી ૨ ટકા અજાણ હતા. આમ પુરુષ કરતાં સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ હતુ. કુલ વસતીમાંથી ૧૬.૨ ટકા શિક્ષિત હતાં. જ્યારે ૧૧.૫ ટકાનો અભ્યાસ ચાલુ હતો. ધંધાવાર શિક્ષણની માહિતી કોઠા - ૩:૧ અને કોઠા ૩:૨ માં આપવામાં આવી છે.

## કોઠો - ૩:૧

### ધંધાવાર તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ :

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચ શિક્ષણ | | કુલ સભ્ય સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૧. | ખેડૂત | ૫૧ | ૬૧ | ૧૬ | ૫ | ૩ | ૧ | ૧ | – | ૭૧ | ૬૭ | ૧૩૮ |
| | | ૭૧.૮ | ૯૧.૦ | ૨૨.૫ | ૭.૫ | ૪.૨ | ૧.૫ | ૧.૫ | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| ૨. | ખેત મજુર | ૧૫૭ | ૧૬૯ | ૪૦ | ૧૨ | ૨ | ૧ | – | – | ૧૯૯ | ૧૮૨ | ૩૮૧ |
| | | ૭૮.૯ | ૯૨.૯ | ૨૦.૧ | ૬.૬ | ૧.૦ | ૦.૫ | | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| ૩. | અન્ય | ૩૬ | ૫૨ | ૧૫ | ૫ | ૧૦ | ૪ | ૩ | – | ૬૪ | ૬૧ | ૧૨૫ |
| | | ૫૬.૩ | ૮૫.૨ | ૨૩.૪ | ૮.૨ | ૧૫.૬ | ૬.૬ | ૪.૭ | – | ૧૦૦.૦૦ | ૧૦૦.૦ | |
| | કુલ | ૨૪૪ | ૨૮૨ | ૭૧ | ૨૨ | ૧૫ | ૬ | ૪ | – | ૩૩૪ | ૩૧૦ | ૬૪૪ |
| | | ૭૩.૧ | ૯૧.૦ | ૨૧.૭ | ૭.૧ | ૪.૫ | ૧.૯ | ૧.૧ | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |

## કોઠો – ૩:૨

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | અભ્યાસ ચાલુ હોય તેવા સભ્યોની વિગત | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચતર માધ્યમિક | | કુલ | | |
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૧ | ખેડૂત | ૯ | ૯ | ૧ | ૩ | ૧ | – | ૧૧ | ૧૨ | ૨૩ |
| | | ૮૧.૮ | ૭૫.૦ | ૯.૧ | ૨૫.૦ | ૯.૧ | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| ૨ | ખેતમજુર | ૨૬ | ૮ | – | – | – | – | ૨૬ | ૮ | ૩૪ |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | | | | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |
| ૩ | અન્ય | ૮ | ૭ | ૬ | ૫ | – | – | ૧૪ | ૧૨ | ૨૬ |
| | | ૫૭.૧ | ૫૮.૩ | ૪૨.૯ | ૪૧.૭ | | | | | |
| | કુલ | ૪૩ | ૨૪ | ૭ | ૮ | ૧ | – | ૫૧ | ૩૨ | ૮૩ |
| | | ૮૪.૩ | ૭૫.૦ | ૧૩.૮ | ૨૫.૦ | ૧.૯ | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | |

**સભ્ય સંખ્યા :**

તપાસેલાં કુલ કુટુંબોની સભ્ય સંખ્યા ૭૨૭ની હતી. જેમાં ૩૮૫ પુરુષો અને ૩૪૨ સ્ત્રીઓ હતી. એટલેકે ૫૨.૯૬ ટકા પુરુષો અને ૪૭.૦૪ ટકા સ્ત્રીઓ હતી. જેમનું સરેરાશ કુટુંબકદ લગભગ ૫.૨ હતું.

**વયજૂથ પ્રમાણે વર્ગીકરણ :**

કોઠા નં. ૪.૬ માં દર્શાવ્યા મુજબ જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૧૮.૪૪ટકા પુરુષ અને ૨૦.૭૬ ટકા સ્ત્રી બાળકો ૦-૬ વર્ષની ઉંમરના હતાં. જ્યારે ૧૮.૭૦ ટકા પુરુષ અને ૧૬.૩૭ ટકા સ્ત્રી બાળકો ૭ થી ૧૪ વર્ષની વયના હતાં. ૧૭.૬૬ ટકા પુરુષો અને ૧૭.૮૪ ટકા સ્ત્રીઓ ૧૫ થી ૨૪ વર્ષની ઉંમરના હતાં. ૧૯.૭૪ ટકા પુરુષો અને ૧૫.૭૯ ટકા સ્ત્રીઓ ૨૫ થી ૩૫ વર્ષની વયના હતાં. ૨૩.૬૪ ટકા પુરુષો અને ૨૬.૩૨ ટકા સ્ત્રીઓ ૩૬ થી ૬૦ વર્ષની ઉંમરના હતાં. તથા ૧.૮૨ ટકા સ્ત્રીઓ અને ૨.૯૨ ટકા પુરુષો ૬૦ વર્ષની વધુ ઉંમરનાં હતાં. એટલેકે ~~નકી~~ પાકી વયની ઉંમરનાં સ્ત્રી-પુરુષોની સંખ્યા વધુ હતી. તપાસેલાં કુટુંબોમાં જોતાં ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરના સ્ત્રી-પુરુષોની સંખ્યા વિશેષ હતી. તેના પરથી અનુમાન બાંધી શકાય કે લાંબેગાળે વસ્તી વૃદ્ધિ થતાં નવી રોજગારીની તકો ખુલશે કે કેમ તે એક સવાલ છે.

કુટુંબની સભ્ય સંખ્યા અને વયજુથ દર્શાવતી વિગતવાર માહિતી કોઠા ૩.૩ અને કોઠા ૩:૪ માં દર્શાવવામાં આવી છે.

## કોઠા - ૩:૩

### કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ | કુલ સભ્યો | | વય જૂથ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૦ થી ૬ વર્ષ | | ૭ થી ૧૪ વર્ષ | | ૧૫ થી ૨૪ વર્ષ | | ૨૫ થી ૩૫ વર્ષ | | ૩૬ થી ૬૦ વર્ષ | | ૬૦ થી વધુ | |
| | | | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | ખેડુત | ૧૬૧ | ૮૨ | ૭૯ | ૧૬ | ૧૭ | ૧૭ | ૨૦ | ૧૩ | ૬ | ૬ | ૮ | ૨૬ | ૨૫ | ૪ | ૩ |
| ૨. | ખેત મજુર | ૪૧૫ | ૨૨૫ | ૧૯૦ | ૪૦ | ૪૧ | ૪૪ | ૨૫ | ૪૨ | ૩૯ | ૫૦ | ૩૩ | ૪૭ | ૪૮ | ૨ | ૪ |
| ૩. | અન્ય | ૧૫૧ | ૭૮ | ૭૩ | ૧૫ | ૧૩ | ૧૧ | ૧૧ | ૧૩ | ૧૬ | ૨૦ | ૧૩ | ૧૮ | ૧૭ | ૧ | ૩ |
| | કુલ | ૭૨૭ | ૩૮૫ | ૩૪૨ | ૭૧ | ૭૧ | ૭૨ | ૫૬ | ૬૮ | ૬૧ | ૭૬ | ૫૪ | ૯૧ | ૯૦ | ૭ | ૧૦ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૫૨.૯૬ | ૪૭.૦૪ | ૧૮.૪૪ | ૨૦.૭૬ | ૧૮.૭૦ | ૧૬.૩૭ | ૧૭.૬૬ | ૧૭.૮૪ | ૧૯.૭૪ | ૧૫.૭૯ | ૨૫.૬૪ | ૨૬.૩૨ | ૧.૮૨ | ૨.૯૨ |

## કોઠો - ૩:૪

### તપાસેલ કુટુંબકે સભ્યજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુટુંબ સંખ્યા | કુટુંબના સભ્યોનું જુથ ૧ થી ૪ સભ્યો | ૫ થી ૭ સભ્યો | ૮ થી ૧૦ સભ્યો | ૧૦થીવધુ સભ્યો | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૨૭ | ૭ | ૧૫ | ૪ | ૧ | ૨૭ |
| | | | (૨૫.૯) | (૫૫.૫) | (૧૪.૮) | (૩.૮) | (૧૦૦.૦) |
| ૨. | ખેતમજૂર | ૭૮ | ૨૮ | ૪૦ | ૯ | ૧ | ૭૮ |
| | | | (૭૫.૯) | (૫૧.૩) | (૧૧.૫) | (૧.૩) | (૧૦૦.૦) |
| ૩. | અન્ય | ૩૫ | ૨૦ | ૧૩ | ૨ | - | ૩૫ |
| | | | (૫૭.૧) | (૩૭.૧) | (૫.૮) | | (૧૦૦.૦) |
| | કુલ | ૧૪૦ | ૫૫ (૩૯.૨) | ૬૮ (૪૮.૫) | ૧૫ (૧૦.૭) | ૨ (૧.૬) | ૧૪૦ (૧૦૦.૦) |

કૌસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

**વૈવાહિક દરજ્જો :**

તપાસેલ કુલ કુટુંબોની સભ્ય સંખ્યામાંથી ૪૪.૧૫ ટકા પુરુષો અને ૪૯.૭૧ ટકા સ્ત્રીઓ પરિણિત હતી. જ્યારે ૫૨.૪૭ ટકા પુરુષો અને ૪૫.૯૧ ટકા સ્ત્રીઓ અપરિણિત હતી, ૨.૦૮ ટકા પુરુષો વિધુર અને ૪.૭૯ ટકા સ્ત્રીઓ વિધવા હતી. ૧.૨૯ ટકા પુરુષો છૂટાછેડા લીધેલાં હતાં. જેની વિગતવાર માહિતી કોઠા નં. ૩:૫ માં દર્શાવવામાં આવી છે.

## કોઠો - ૩:૫

કુટુંબના સભ્યોનો વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુટુંબના કુલ સભ્યો | | વૈવાહિક દરજ્જો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પરિણિત | | અપરિણિત | | વિધુર | વિધવા | છુટાછેડા | |
| | | પુ. | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ. | સ્ત્રી. | | | પુ. | સ્ત્રી. |
| ૧. | ખેડૂત | ૮૨ | ૭૯ | ૩૩ | ૩૩ | ૪૫ | ૪૧ | ૪ | ૫ | – | – |
| ૨. | ખેતમજૂર | ૨૨૫ | ૧૯૦ | ૯૫ | ૯૫ | ૧૨૧ | ૮૭ | ૪ | ૮ | ૫ | – |
| ૩. | અન્ય | ૭૮ | ૭૩ | ૪૨ | ૪૨ | ૩૬ | ૨૯ | – | ૨ | – | – |
| | કુલ | ૩૮૫ | ૩૪૨ | ૧૭૦ | ૧૭૦ | ૨૦૨ | ૧૫૭ | ૮ | ૧૫ | ૫ | – |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૪૪.૧૫ | ૪૯.૭૧ | ૫૨.૪૭ | ૪૫.૯૧ | ૨.૦૮ | ૪.૩૯ | ૧.૨૯ | – |

આંતરજ્ઞાતિય સંબંધો :

સિસોદ્રા ગણેશ પોકેટના ગામોમાં આદિવાસી સિવાય અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ, કણબી પટેલ, મુસલમાનોની વસ્તી છે. આદિવાસીઓમાં નાયકા-નાયકડાઓની વસ્તી પણ છે પરંતુ તેમની સંખ્યા ઓછી છે. બિનઆદિવાસીઓમાં અનાવિલ બ્રાહ્મણ, કણબી પટેલ, કોળી પટેલ વગેરે આર્થિક દ્રષ્ટિએ સધ્ધર છે. તેમની પાસે જમીન વધુ છે. આ બધી જ્ઞાતિઓના લોકોનું મુખ્ય સાધન ખેતી છે. પરંતુ મોટેભાગે તેઓ ખેતી જાતે કરતા નથી. ખેતી આદિવાસીઓ પાસે કરાવે છે. અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ સમાજમાં ઉચ્ચશિક્ષણ ઉંચુ જીવનસ્તર અને સામાજિક રીત રિવાજોમાં વાંકડાની પ્રથા હોવાથી આ સમાજમાં અર્થપ્રાપ્તિ વધુમાં વધુ થાય તે તેમના જીવનનું ધ્યેય છે. આ લોકો મોટે ભાગે હળપતિઓને હાળી તરીકે રાખે છે અને ખેતી તેમજ ઘરનું મોટાભાગનું કામ તેમની પાસેથી લે છે.

પોકેટના ગામોમાં કોળી પટેલની વસ્તી પણ સારા એવા પ્રમાણમાં છે. આ જ્ઞાતિમાં પ્રથ પટેલમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંઓછું હતું. ધીરે ધીરે તેમનામાં શિક્ષણનુંપ્રમાણ વધતુ ગયું છે. પહેલાં ખેતી જાતેજ કરતાં. પરંતુ હવે ખેતી સિવાય અન્ય વ્યવસાયો કરતા થયા તેથી બ્રાહ્મણોની જેમ તેઓ પણ હળપતિને પોતાના ઘેર હાળી રાખી ખેતી કરાવે છે. આ જ્ઞાતિમાંથી ઘણા લોકો પરદેશ પણ ગયેલા હતા એવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા મળ્યુ હતું. ખેતીમાંથી તેઓ સારામાં સારી રીતે કમાય છે. ખેતી સિવાય આ જ્ઞાતિના લોકો વેપાર, સરકારી ખાતામાં નોકરી, શિક્ષક વગેરેની નોકરીમાં જોડાયેલા છે. આ સિવાય પોકેટના ગામોમાં મુસલમાનોની વસ્તી છે. તેમની સંખ્યા ઓછી છે. તેમની પાસે જમીનનું પ્રમાણ ઘણુંજ ઓછુ છે. તેઓ મોટે ભાગે નાના મોટી દુકાન ધરાવે અને ધંધો કરે છે.

આ વિસ્તારમાં વસતા અનાવિત બ્રાહ્મણોને સામાજિક - રાજકિય ક્ષેત્રે પ્રથમ કોટીમાં મૂકી શકાય. તેઓ રાજકીય દ્રષ્ટિએ સારો એવો ભાગ ભજવે છે. આર્થિક દ્રષ્ટિએ કણબીપટેલ વધારે સધ્ધર છે. રાજકીય ક્ષેત્રે અનાવિલ બ્રાહ્મણોની સાથો સાથ કણબી પટેલ મોખરેનું સ્થાન ધરાવે છે. આ બધી જ્ઞાતિઓ અંદરોઅંદર સારા સબંધ ધરાવે છે. એકબીજાને ત્યાં મળવા માટે જાય છે. અનાવિલ બ્રાહ્મણો કોળી પટેલ, કણબીપટેલ અને મુસલમાનો સાથે ખાવાપીવાનો વ્યવહાર રાખતાં નથી.

આ બધી બિનઆદિવાસી જ્ઞાતિઓના આદિવાસી હળપતિઓ સાથે પણ સારા સંબંધ છે. તેઓ આદિવાસીઓને ત્યાં સામાજિક પ્રસંગોમાં ભાગ લે છે. તેમની સાથે ખાવા-પીવાનો ખાસ વ્યવહાર જોવા મળતો નથી. કેટલાક ઠેકાણે તેમની વચ્ચે જમીનોના ઝઘડા પણ જોવા મળે છે. દુબળા આદિવાસીઓ તેમના માલિકોને ત્યાં હાળી તરીકે કામ કરે છે અને પોતાનું જીવન ગુજરાન ચલાવે છે.

'હાળી' / 'Hali' એ કાયમી તેના કુટુંબ સાથે જમીનદારના ખેતર પર કામ કરનારાને કહેવામાં આવે છે હાળીની સેવા અમુક મુકરર સમય માટે નકકી કરવામાં આવતી નથી તે કાયમ માટે ચાલુ રહે છે સામાન્ય રીતે જમીનવિંહોણો ખેડૂતની ઇચ્છા લગ્ન કરવાની હોય છે ત્યારે તે માલિકની શોધ કરે છે કે જે તેને લગ્ન માટે ધીરાણ આપે. આ દેવુ કાયમ માટે તેની પર રહે છે અને તે તેના માલીકની સેવા કરતો રહે છે. વર્ષોવર્ષ તેના દેવામાં વધારો થતો રહે છે અને તેને માટે ધિરાણ લીધેલ રકમ ચૂકવવાનું અશકય હોય છે. સેવાના સંબંધો ત્યારેજ બંધ થાય છે કે જયારે હાળીને બીજો માલિક લઈ જાય છે જો કે આવા કિસ્સાઓમાં પહેલાના માલિકને નવા માલિકે બદલો આપવો પડે છે. હાળીની ફેરબદલી એ ધંધાકીય સોદો નથી એવો અનેક અહેવાલોમાં ઉલ્લેખ છે તેવા ભારપૂર્વક એવુ કહેવામાં આવ્યુ છેકે હાળી વેચાતો નથી.

'Hali' was the term applied to a farm servant who, with his family, was in permanent employ of a landlord, a dhaniamo.* The service was not contracted for a definite period, as a rule it continued indefinately. It usually began when an agricultural labourer wished to marry and found a master who would pay for the marriage. The debt thus occured attached servant to the master for life. It increased in the course of years, so that repayment was practically impossible. The service relationship ended only when the hali was taken over by another master. Although in such case the original master received compensation the transfer was nott a business transaction in several reports it was stated emphatically that halis were never sold**

---

* Dhaniamo means traditional name for master of farm servant. Dhaniamo means "he who gives riches". (B.H.Mehta, 1934 p.339)

** Patronage and exploitation, changing Agrarian relations in South Gujarat, India. Jun Breman, University of California, Place, Berkeley, Los Angles;London.

પોકેટ વિસ્તારમાં ઉપલબ્ધ સવલતો :

પોકેટ વિસ્તારના ૭૩ ગામોમાંથી માત્ર એક ગામમાં પોલીસ-ચોકી છે, ૬૦ ગામોમાં પંચાયતઘર, ૧૩ ગામોમાં સહકારી મંડળી, ૨૬ ગામોમાં દૂધ એકત્રીકરણ મંડળી, ૪૯ ગામમાં દળવાની ઘંટી, ૧૩ ગામોમાં ખાનગી દવાખાનાની સગવડ છે. ૭૩ ગામોમાંથી માત્ર ૩૧ ગામોમાં તલાટી ગામ પર રહે છે, ૧૮ ગામમાં ગ્રામસેવક ગામ પર રહે છે. પોકેટના વિસ્તારના ગામોની ઉપલબ્ધ પરિશિષ્ટ - ૨ માં આપવામાં આવી છે.

ન્યુનતમ જરુરિયાત અને સામાજિક સેવાઓ :

પોકેટ વિસ્તારના ૭૩ ગામોમાંથી ૭૨ ગામમાં પાણીના પ્ર પૂરવઠો પ્રાપ્ય છે, ૭૦ ગામમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા, ૩૫ ગામમાં પ્રૌઢશિક્ષણ, ૬૬ ગામમાં વિજળી, ૬૧ ગામમાં રસ્તાની સુવિધા, ૧૮ ગામોમાં આરોગ્યની સેવા, ૩૦ ગામમાં પોષણ આહાર-કેન્દ્ર, ૨૦ ગામમાં સસ્તા અનાજની દુકાન, ૪૩ ગામમાં પોસ્ટ ઓફિસ, ૬ ગામમાં તાર ઓફિસ, ૧૦ ગામોને બેંકની સવલતો, ૨૧ ગામોમાં બાલમંદિર, ૨૧ ગામોમાં પુસ્તકાલય અને ૩ ગામમાં પશુ દવાખાનાની સગવડ ઉપલબ્ધ છે. ગામવાર વિગતવાર માહિતી પરિશિષ્ટ - ૪ માં આપવામાં આવી છે.

સહકારી પ્રવૃત્તિ :

ગુજરાત રાજ્ય ભારતભરમાં સહકારી પ્રવૃત્તિના ક્ષેત્રે આગવુ સ્થાન ધરાવે છે. નવસારી તાલુકામાં કુલ ૩૫૭ જુદા જુદા પ્રકારની મંડળીઓ આવેલી છે અને તેના સભાસદોની કુલ સંખ્યા ૮૨૯૪૪ જેટલી છે. આ સહકારી મંડળીઓમાં આદિવાસી કેટલા સભાસદ છે તેની માહિતી ઉપલબ્ધ નથી. નવસારી તાલુકામાં આવેલ વિવિધ સહકારી મંડળીઓની માહિત પરિશિષ્ટ - ૫ માં આપવામાં આવી છે.

## પ્રકરણ - ૪

### લઘુ વિસ્તારની અર્થ વ્યવસ્થા.

### ૪.૧ :- લઘુવિના આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિ.

લઘુ વિસ્તારના આયોજનના અભ્યાસમાં વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના સીસોદ્રા ગણેશ લઘુ વિસ્તારનમાં કુલ ૭૩ ગામોનો સમાવેશ થાય છે. આ ૭૩ ગામોમાંથી કુલ ૭ ગામોને પસંદ કરવામાં આવ્યા હતાં. આ સાત ગામોમાંથી કુલ ૧૪૦ કુટુંબો (દરેકમાંથી વીસ કુટુંબો) ની પ્રત્યક્ષ મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. જેની નોંધ અહીં જુદાજુદા કોઠાઓમાં પૃથ્થકરણ દ્વારા ઊંડાણપૂર્વક દર્શાવવામાં આવી છે. લઘુ વિસ્તારના આદિવાસીઓના પ્રશ્નો સમજવા માટે સૌ પ્રથમ નમૂનાના કુટુંબોની ભૌતિક અને આર્થિક પરિસ્થિતિ વિષેનો ખ્યાલ મેળવવો યથાર્થ લેખાશે.

ઘર :-

તપાસેલા ૧૪૦ કુટુંબોના ઘરોની સ્થિતિ જોઈએ તો કુલ ઘરોમાંથી માત્ર સત્તર ઘરો એટલેકે ૧૨.૧૪ ટકા ઘરો પાકા હતાં. બાકીના ૧૨૩ કાચા ઘરો એટલેકે ૮૭.૮૬ ટકા ઘરો કાચા હતાં. આમાંથી ખેડૂત કુટુંબમાં ૩ પાકા ઘરો, ખેતમજુર કુટુંબમાં ૫ પાકા ઘરો અને અન્ય વ્યવસાય ધરાવતાં ૯ કુટુંબો પાસે પાકા ઘરો હતાં.

ઓરડાની સંખ્યા :

તપાસેલામાં આવેલા કુલ ૧૪૦ કુટુંબોમાંથી ૮૬ કુટુંબો માત્ર ૧ ઓરડાં વાળાં ઘરમાં, ૫૦ કુટુંબો બે ઓરડાં વાળા ઘરમાં અને માત્ર ૪ કુટુંબો બે થી વધુ ઓરડાં વાળાં ઘરમાં રહેતાં. આમ કુલ કુટુંબોમાંથી ૬૧.૪૩ ટકા કુટુંબો એક રુમવાળાં, ૩૫.૭૧ ટકા કુટુંબો બે રુમ વાળાં અને માત્ર ૨.૮૬ ટકા કુટુંબો બે થી વધુ રુમવાળાં ઘરોમાં રહેતાં હતા. ખેડૂત કુટુંબમાંથી માત્ર એક કુટુંબ, ખેતમજુર કુટુંબમાંથી એક કુટુંબ અને અન્ય વ્યવસાયવાળાં કુટુંબોમાંથી બે કુટુંબ બે થી વધુ રુમ વાળાં ઘરોમાં રહેતાં હતાં.

<u>દિવાલ</u> :

નમૂનાના ૧૪૦ કુટુંબોના ઘરોની દિવાલ જોઈએ તો ૬ કુટુંબોની દિવાલ છાજની, ૧૦ કુટુંબોની દિવાલ વાંસ અને માટીની, ૨૩, કુટુંબોની દિવાલ ઈંટ અને માટીની, ૩ કુટુંબોની દિવાલ ઈંટ અને ચુનાવાળા, ૯૪ કુટુંબોની દિવાલ માટીની અને ૪ કુટુંબોની દિવાલ વાંસની બનેલી હતી. એટલેકે ૪.૨૯ ટકા છાજ, ૭.૧૪ ટકા વાંસ અને માટી ૧૬.૪૩ ટકા ઈંટ અને માટી, ૨.૧૪ ઈંટ અને ચુનો ૬૭.૧૪ ટકા માટીની અને ૨.૮૬ ટકા કુટુંબો વાંસની દિવાલ ધરાવતાં હતાં.

<u>છાપરાનો પ્રકાર</u> :

તપાસેલાં કટુંબોના ઘરોના છાપરાની પરિસ્થિતિ જોતાં, ૩૨ કુટુંબોના ઘરો ઉપર માત્ર ઘાસ પાથરેલું હતું. ૧૩ કુટુંબોના છાપરાં દેશી નળિયાંથી ઢાંકેલા હતાં. ૬૫ કુટુંબોને વિલાયતી નળિયાં હતાં. જ્યારે ૩૦ કુટુંબોના છાપરાં પતરાંના હતાં. આમ કુલ કુટુંબોમાંથી ૨૨.૮૬ ટકા ઘરોના છાપરા ઘાસના, ૯.૨૯ ટકા કુટુંબોના છાપરા દેશી નળિયાંના, ૪૬.૪૩ ટકા કુટુંબોના છાપરાં વિલાયતી નળિયાં અને ૨૧.૪૨ ટકા કુટુંબોના છાપરાં પતરાના બનાવેલાં હતાં. આમ એકંદર લવી વિસ્તારના તપાસેલ કુટુંબોની ઘરની ઉન્નતિ સારી નહોતી એમ કહી શકાય.

<u>મકાન માલિકીની જમીન</u> :

તપાસેલાં દરેક કુટુંબોના ઘરો પોતાની માલિકીની જમીનમાં બાંધેલાં હતાં. તપાસેલાં કુલ ૧૪૦ કુટુંબોમાંથી માત્ર ૫૨ કુટુંબો પાસે પશુ હતાં. એટલેકે કુલ કુટુંબોમાંથી માત્ર ૩૭.૧૪ ટકા કુટુંબો પશુ ધરાવતાં હતા. અને ૬૨.૮૬ ટકા કુટુંબો પાસે પશુ ન હતાં. પશુ હોય તેવા કુલ ૫૨ કુટુંબોમાંથી માત્ર ૧૬ કુટુંબો એટલેકે ૩૦.૭૭ ટકા કુટુંબોને પશુ બાંધવા માટેની છાપરી તેમનાં ઘરોની સાથેજ આવેલી હતી જ્યારે ૩૬ કુટુંબો એટલે કે ૬૯.૨૩ ટકા કુટુંબો તેમનાં પશુઓને

બહાર ખુલ્લામાં બાંધતા હતાં. આ રીતે તપાસેલા બધાંજ કુલ ૧૪૦ કુટુંબો પોતાની માલિકીના ઘરોમાં રહેતાં હતાં. એક પણ કુટુંબ ભાડાના મકાનમાં રહેતું હોય તેવું જોવામાં નથી આવ્યું. તપાસેલાં કુટુંબોના ઘરોની વિગતવાર માહિતી કોઠા નં. ૪.૧ અને ૪.૨માં દર્શાવવામાં આવી છે.

લઘુ વિસ્તારના આદિવાસીઓ પોતાના ઘરો પોતાની જાતેજ બાંધે છે. તપાસેવામાં આવેલાં કુટુંબો ઉપરથી જોઈ શકાય છે કે તેમનાં ઘરો બાંધવામાં સરેરાશ ખર્ચ ૪૧૫૦ રૂા. આવે છે. આમાં ખેડૂત કુટુંબમાં સરેરાશ ખર્ચ ૫૪૫૧ રૂા., ખેતમજૂર કુટુંબમાં સરેરાશ ખર્ચ ૩૪૧૭ રૂા. અને અન્ય કુટુંબમાં આ ખર્ચ સરેરાશ ૪૭૮૦ રૂા. આવે છે.

## કોઠા નં. ૪.૧

### લઘુ વિસ્તારના આદિવાસીઓના ઘરોની વ્યવસાય પ્રમાણે વિગત

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | મકાનનો પ્રકાર | | ઓરડાની સંખ્યા | | | દિવાલનો પ્રકાર | | | | | છાપરાનો પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાચુ | પાકું | ૧ રુમ | ૨ રુમ | ૨ રુમથી વધુ | છાજ | વાંસ+ માટી | ઈંટ+ માટી | ઈંટ+ ચુનો | માટી | વાંસ | છાજ | દેશી નળિયાં | વિલાયતી નળિયાં | પતરાં |
| ૧. | ખેડુત | ૨૭ | ૨૪ | ૩ | ૧૩ | ૧૩ | ૧ | – | ૭ | ૫ | ૧ | ૧૩ | ૧ | ૪ | ૧ | ૧૬ | ૬ |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૭૩ | ૫ | ૫૨ | ૨૫ | ૧ | ૬ | ૨ | ૧૦ | – | ૫૯ | ૧ | ૨૧ | ૯ | ૨૫ | ૨૩ |
| ૩. | અન્ય | ૩૫ | ૨૬ | ૯ | ૨૧ | ૧૨ | ૨ | – | ૧ | ૮ | ૨ | ૨૨ | ૨ | ૭ | ૩ | ૨૪ | ૧ |
| | કુલ | ૧૪૦ | ૧૨૩ | ૧૭ | ૮૬ | ૫૦ | ૪ | ૬ | ૧૦ | ૨૩ | ૩ | ૯૪ | ૪ | ૩૨ | ૧૩ | ૬૫ | ૩૦ |
| | | | ૮૭.૮૬ | ૧૨.૧૪ | ૬૧.૪૩ | ૩૫.૭૧ | ૨.૮૬ | ૪.૨૯ | ૭.૧૪ | ૧૬.૪૩ | ૨.૧૪ | ૬૭.૧૪ | ૨.૮૬ | ૨૨.૮૬ | ૯.૨૯ | ૪૬.૪૩ | ૨૧.૪૨ |

કોઠા નં. ૪.૨

લઘુ વિસ્તારના આદિવાસીઓના ઘરોની વ્યવસાય પ્રમાણેની વિગત

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | મકાન પોતાની માલિકીની જમીનમાં છે ? | | પશુ માટેની છાપરી સાથે છે ? | | પશુ નથી | ભાડાના મકાનમાં રહો છો ? | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | | હા | ના |
| ૧. | ખેડૂત | ૨૭ | ૨૭ | - | ૭ | ૫ | ૧૫ | - | ૨૭ |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૭૮ | - | ૬ | ૨૪ | ૪૮ | - | ૭૮ |
| ૩. | અન્ય | ૩૫ | ૩૫ | - | ૩ | ૭ | ૨૫ | - | ૩૫ |
| | કુલ | ૧૪૦ | ૧૪૦ | - | ૧૬ | ૩૬ | ૮૮ | - | ૧૪૦ |
| | | | ૧૦૦.૦૦ | - | ૧૧.૪૩ | ૨૫.૭૧ | ૬૨.૮૬ | - | ૧૦૦.૦૦ |

૪.૨ : લવિના આદિવાસીઓનું જીવનસ્તર

તપાસવામાં આવેલાં ૧૪૦ કુટુંબોના ઘરવખરીનાં વાસણોમાં કુલ ૬૬૬૬૦ રૂા. ના વાસણો થતાં હતાં..આમાં ૧૧૩ તાંબાનાં, ૧૪૧૩ એલ્યુમિનિયમના, ૮૪૮ પિતળનાં, ૪૪૩ સ્ટીલનાં, ૫૦૧ માટીનાં, અને ૫૧૯ કાચનાં વાસણો જોવામાં આવ્યાં હતાં.

તાંબાના વાસણમાં ખાસ કરીને પાણી ભરવા માટેનાં બેડાં અને ગાગર જોવામાં આવ્યાં હતાં. એલ્યુમિનીયમનાં વાસણોમાં જમવા માટેના થાળી વાટકા તથા રસોઈ બનાવવા માટેની તપેલી અને છીબા જોવામાં આવ્યાં હતાં. સ્ટીલનાં વાસણોમાં પાણી પીવાના ગ્લાસ અને લોટા જોવા મળતાં હતાં ખૂબજ ઓછાં કુટુંબો પાસે જમવા માટેનાં સ્ટીલના થાળી-વાટકાં જોવામાં આવ્યાં હતાં. માટીના વાસણોમાં માટલાં પાણી ભરવાની તથા અનાજ ભરવાની કોઠીઓ જોવામાં આવી હતી. જ્યારે કાચના વાસણોમાં ચા ના કપરકાબી અને થોડાંક કુટુંબો પાસે મસાલા ભરવાની બરણીઓ જોવામાં

આવતી હતી.

ઘરવખરીનાં અન્ય સાધનોની કુલ કિંમત રૂા.૧૦૨૫૪૦ થતી હતી. જેમાં ૨૧૯ ખાટલાં, ૨૩ ટેબલ ખુરશી, ૬૭ સાયકલ, ૬૮ ઘડિયાળ, ૪૩ રેડીયા, ૧ સીવવાનો સંચો, ૧૫૩ ફાનસ, ચીમની, ૨૦૧ ટોપલા-ટોપલી, ૩૭ પ્રાયમસ, ૨૯ પેટી, ૧૭ બેટરી, ૧ સુવેગા અને ૧ મોટરસાયકલ જોવામાં આવી હતી.

જેમની પાસે સાયકલ છે તેવાં લોકો ખાસ કરીને બાળકોને નિશાળે જવા માટે અને નજીક કારખાના, ફેકટરીમાં નોકરીએ જવા માટે તેનો ઉપયોગ કરતા હતા. જે એક કુટુંબ પાસે સુવેગા છે તે આસુંદર ગામના સરપંચ પાસે હતું તેઓ કરિયાણાની છુટક દુકાન ચલાવતાં હતા. તેથી નવસારીથી સરસામાન લાવવાના ઉપયોગમાં લેતાં હતાં. જ્યારે સીસોદ્રા ગામમાં રહેતા તે વિસ્તારના વિધાન-સભ્ય પાસે એ મોટર સાયકલ જોવામાં આવી તેઓ સામાજીક કાર્યમાં તેનો ઉપયોગ કરતા હતાં.

ઘરવખરીનાં વાસણો અને અન્ય સાધનોની વિગતવાર માહિતી અનુક્રમે કોઠા નં. ૪.૩ અને ૪.૪ માં દર્શાવવામાં આવી છે.

<u>રોકડ રકમ અને ઘરેણાં</u> :

લઘુ વિસ્તારનાં આદિવાસીઓ પાસે રોકડરકમ હાથ ઉપર ખૂબજ ઓછા પ્રમાણમાં જોવામાં આવી હતી. તેમાં પણ ખેતમજૂર કુટુંબો પાસે તો ખેડૂત કુટુંબો અને અન્ય કુટુંબોની સરખામણીમાં ખૂબજ જુજ પ્રમાણમાં આ રકમ જોવા મળે છે. તપાસવામાં આવેલા કુટુંબોમાં ૧૫૫૦૦ રૂા. જેટલી રોકડ રકમ જોવામાં આવી હતી તેમાં ખેડૂત કુટુંબો પાસે ૫૩૦૦ રૂા. ખેતમજુર કુટુંબો પાસે ૩૫૦૦ રૂા. અને અન્ય કુટુંબો પાસે ૬૭૦૦ રૂા. જેટલી રોકડ રકમ જણાઈ હતી. તેવીજ રીતે તેમની પાસે ઘરેણાં પણ ખૂબજ ઓછાં જોવામાં આવતાં હતા. ઘરેણાંઓમાં ચાંદીના કડલાં, કાનની વાળી અને પગના ઝાંઝર જોવામાં આવ્યા હતા.

## કોઠા નં. ૪.૩

### વ્યવસાય પ્રમાણે ઘરવખરીનાં વાસણોની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | ઘરવખરીનાં વાસણોની સંખ્યા | | | | | | ઘરવખરીનાં વાસણોની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તાંબાના | એલ્યુમિનિયમ | પિતળના | સ્ટીલનાં | માટીના | કાચના | |
| ૧. | ખેડૂત | ૩૮ | ૩૧૧ | ૧૭૪ | ૧૧૯ | ૧૨૨ | ૧૪૯ | ૨૨૦૩૦ |
| ૨. | ખેતમજુર | ૩૧ | ૬૭૯ | ૪૩૩ | ૧૭૧ | ૨૪૮ | ૨૦૪ | ૨૫૦૮૦ |
| ૩. | અન્ય | ૪૪ | ૪૨૩ | ૨૪૧ | ૧૫૩ | ૧૩૧ | ૧૬૬ | ૧૯૪૫૫૦ |
| | કુલ | ૧૧૩ | ૧૪૧૩ | ૮૪૮ | ૪૪૩ | ૫૦૧ | ૫૧૯ | ૬૬૬૬૦ |

## કોઠા નં. ૪.૪

વ્યવસાય પ્રમાણે ઘરવખરીનાં અન્યસ સાધનોની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | ઘરવખરીનાં અન્ય સાધનોની સંખ્યા | | | | | | | | | | | | | | ઘરવખરીના અન્ય સાધનોની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખાટલા | ટેબલ ખુરશી | સાયકલ | ઘડિયાળ | રેડીયો | સીવવાનો સંચો | ફાનસ,ચીમની પેટ્રોમેક્ષ | ટોપલા ટોપલી | પ્રાયમસ | પેટી | બેટરી | સુવેગા | મોટર-સાયકલ | | |
| ૧. | ખેડૂત | ૪૯ | ૧૨ | ૧૩ | ૧૨ | ૬ | – | ૨૯ | ૭૭ | ૧૦ | ૬ | ૬ | ૧ | ૧ | | ૨૯૨૪૫ |
| ૨. | ખેતમજૂર | ૧૧૫ | – | ૨ȣ | ૨૨ | ૧૮ | – | ૮૦ | ૫૮ | ૩ | – | – | – | – | | ૩૧૬૦૦ |
| ૩. | અન્ય | ૫૫ | ૧૧ | ૩૧ | ૩૪ | ૧૯ | ૧ | ૪૪ | ૬૬ | ૨૪ | ૨૩ | ૧૧ | – | – | | ૪૧૬૯૫ |
| | કુલ | ૨૧૯ | ૨૩ | ૬૭ | ૬૮ | ૪૩ | ૧ | ૧૫૩ | ૨૦૧ | ૩૭ | ૨૯ | ૧૭ | ૧ | ૧ | | ૧૦૨૫૪૦ |

આમ કુલ ૧૭૪૦૦ રૂા. ના ઘરેણાં જોવામાં આવ્યા હતાં. તેમાંથી ખેડૂત કુટુંબો પાસે ૬૧૦૦ રૂા.ના ખેતમજુર કુટુંબો પાસે ૪૩૦૦ રૂા. ના અને અન્ય કુટુંબો પાસે ૭૦૦૦ રૂા.ના ઘરેણાંઓ જોવામાં આવે છે.

ઘરેણાં અને રોકડ રકમની વિગતવાર માહિતી કોઠા નં.૪.૫ માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૪.૫

વ્યવસાય પ્રમાણે રોકડ રકમ, ઘરેણા વગેરેની માહિતી દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | રોકડ રકમ | ઘરેણાંની કિંમત (રૂા.) | શેર અનામત (રૂા.) | કુલ અસ્કયામતોની કિંમત(રૂા.) |
|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૫૩૦૦ | ૬૧૦૦ | - | ૧૧૪૦૦ |
| ૨. | ખેતમજુર | ૩૫૦૦ | ૪૩૦૦ | - | ૭૮૦૦ |
| ૩. | અન્ય | ૬૭૦૦ | ૭૦૦૦ | - | ૧૩૭૦૦ |
| | કુલ | ૧૫૫૦૦ | ૧૭૪૦૦ | - | ૩૨૯૦૦ |

૪.૩ : ધંધાઓ :

તપાસવામાં આવેલાં ૧૪૦ કુટુંબોમાંથી ૨૭ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો, ૭૮ કુટુંબોએ મુખ્ય વ્યવસાય તરીકે ખેતમજુરીને અપનાવેલ જયારે ૩૫ કુટુંબો મુખ્ય વ્યગસાય તરીકે અન્ય ધંધામાં રોકાયેલાં હતા. અન્ય વ્યવસાયમાં ૪ કુટુંબો કડીયા કામમાં, ૧ કુટુંબ દરજીકામમાં, ૨૧ કુટુંબો નોકરીમાં, ૭ કુટુંબો હીરા ઘસવાના અને ૨ કુટુંબો સોનીકામમાં રોકાયેલાં હતાં. પસંદ થયેલ ગામોમાં પસંદ થયેલ કુટુંબનો વ્યવસાય કોઠા નં. ૪:૬ માં આપવામાં આવ્યો છે.

કોઠો ૪:૬

ગામવાર અને વ્યવસાયવાર સર્વેક્ષિત કુટુંબની સંખ્યા

| ક્રમ | ગામનું નામ | કુટુંબનો વ્યવસાય | | | કુલ કુટુંબો |
|---|---|---|---|---|---|
| | | ખેડૂત | ખેતમજુર | અન્ય | |
| ૧. | આસુંદર | ૩ | ૧૬ | ૧ | ૨૦ |
| ૨. | ધામણ | ૨ | ૯ | ૯ | ૨૦ |
| ૩. | કોલસણા | ૭ | ૧૦ | ૩ | ૨૦ |
| ૪. | ચોખડ | ૫ | ૧૨ | ૩ | ૨૦ |
| ૫. | સીસોદ્રા | ૪ | ૯ | ૭ | ૨૦ |
| ૬. | ખડસુપા | ૩ | ૧૧ | ૬ | ૨૦ |
| ૭. | ભનવાડી | ૩ | ૧૧ | ૬ | ૨૦ |
| | કુલ | ૨૭ | ૭૮ | ૩૫ | ૧૪૦ |
| | | ૧૯.૨૯ | ૫૫.૭૧ | ૨૫.૦૦ | ૧૦૦.૦૦ |

આ મુખ્ય વ્યવસાય સિવાય પણ ૨૭ ખેડુત કુટુંબોએ ગૌણ વ્યવસાય તરીકે ખેતમજુરી, નોકરી, વેપાર અને પશુપાલન જેવાં ધંધા સાથે સંકળાયેલાં હતા, ૭૮ ખેતમજુર કુટુંબો પણ ગૌણ વ્યવસાય તરીકે નોકરી અને પશુપાલન સાથે સંકળાયેલા હતા જ્યારે મુખ્ય ધંધા તરીકે અન્ય ધંધાઓ સાથે સંકળાયેલાં ૩૫ કુટુંબોએ પણ ગૌણ વ્યવસાય તરીકે ખેતમજુરી અને પશુપાલન જેવા ધંધામાં રોકાયેલાં હતાં.

આમ તપાસેલા કુલ કુટુંબોમાંથી ૧૯.૨૯ ટકા ખેતીમાં, ૫૫.૭૧ ટકા કુટુંબો ખેતમજુરી, ૨.૮૬ ટકા કુટુંબો કડીયાકામ, ૦.૭૧ ટકા કુટુંબો દરજીકામ, ૧૫.૦૦ ટકા કુટુંબો નોકરી, ૫.૦૦ ટકા કુટુંબો હીરા ઘસવાના અને ૧.૪૩ ટકા કુટુંબો સોનીકામ જેવા ધંધામાં રોકાયેલા હતાં. આમ હજીપણ લઘુવિસ્તારના આદિવાસીઓમાં

મોટાભાગના (૫૦.૦૦ ટકા ઉપર) કુટુંબો ખેતમજુરી દ્વારા જ પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. એવું જોવા મળેલ તપાસેલાં કુટુંબોનું ધંધા પ્રમાણે વિગતવાર વર્ગીકરણ કોઠા નં. ૪.૭ માં દર્શાવવામાં આવેલ છે.

## કોઠા નં. ૪.૭

### કુટુંબોનું મુખ્ય અને ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | કુટુંબનો મુખ્ય વ્યવસાય | | | | | | | કુટુંબનો ગૌણ વ્યવસાય | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખેતી | ખેતમજુરી | કડીયાકામ | દરજીકામ | નોકરી | હીરા ઘસવાનું કામ | સોની | ખેતિ મજુરી | નોકરી | વેપાર | પશુપાલન |
| ૧. | ખેડૂત | ૨૭ | ૨૭ | - | - | - | - | - | - | ૨૨ | ૨ | ૧ | ૧૦ |
| ૨. | ખેતમજુર | ૭૮ | - | ૭૮ | - | - | - | - | - | - | ૭ | - | ૩૦ |
| ૩. | અન્ય | ૩૫ | - | - | ૪ | ૧ | ૨૧ | ૭ | ૨ | ૨૫ | - | - | ૯ |
| | કુલ | ૧૪૦ | ૨૭ | ૭૮ | ૪ | ૧ | ૨૧ | ૭ | ૨ | ૪૭ | ૯ | ૧ | ૪૯ |
| | | ૧૦૦.૦૦ | ૧૯.૨૯ | ૫૫.૭૧ | ૨.૮૬ | ૦.૭૧ | ૧૫.૦૦ | ૫.૦૦ | ૧.૪૩ | | | | |

**<u>ખેતીની જમીન અને સાધનોની માલિકી</u> :**

ખેતીના ધંધામાં રોકાયેલાં કુલ ૨૭ કુટુંબો પાસે ખેતીની જમીનનું પ્રમાણ પણ ઘણું ઓછું હતું. તપાસેલાં ૨૭ ખેડુત કુટુંબની પાસે કુલ જમીન ૪૫.૩૫ એક જેટલી હતી આમાંથી ૨૭.૩૬ એકર જમીન પિયતવાળી હતી. આમ સરેરાશ જમીનનું કદ ૨ એકર (૧.૧૮ એકર) કરતાં પણ ઓછું હતું.

આ કુટુંબો પાસે ખેતવિષયક સાધનો પણ ~~xxxx~~ પૂરતાં પ્રમાણમાં ન હતાં. ૨૭ ખેડુત કુટુંબો વચ્ચે માત્ર ૧૩ જેટલાં બળદ હતાં, લાકડાના હળની સંખ્યા ૮, કરબની સંખ્યા ૬, સમારની સંખ્યા ૫ અને વાવણિયાની સંખ્યા ૭ જેટલી છે. આ સિવાય ફકત ૪ કુટુંબો પાસે જ લાકડાના પૈડાવાળાં ગાડા જોવા મળ્યા હતાં. અને માત્ર એક કુટુંબ પાસે જ પાકો કૂવો અને ઓઇલ એન્જીન હતું. આમ, પૂરતા સાધનો નહીં હોવાથી લઘુ વિસ્તારના આદિવાસીઓને પોતાના જીવનનિર્વાહ માટે ખેતી બહુ ઉપયોગી નહીં થવાથી ખેતમજુરી અને અન્ય વ્યવસાય ઉપર આધાર રાખવો પડે છે.

જમીનની વિગત તેની કિંમત તથા ખેતવિષયક સાધનોની સંખ્યા અને તેની કિંમત અનુક્રમે કોઠા નં. ૪.૮ અને ૪.૯ માં વિગતવાર દર્શાવેલ છે.

કોઠા નં. ૪.૮

વ્યવસાય પ્રમાણે જમીનનું પ્રમાણ ઘરની સંખ્યા અને તેની કિંમતનું વર્ગીકરણ

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | પિયત એ.ગુંઠા | બીન પિયત એ.ગુંઠા | કુલ જમીન એ.ગુંઠા | જમીનની કુલ કિંમત (રૂા.માં) | જમીન ગીરો/વેચાણ આપી છે હા | ના | મકાનની સંખ્યા | મકાનની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૨૭ | ૨૭.૩૬ | ૧૭.૩૯ | ૪૫.૩૫ | ૧,૨૪,૯૦૦ | – | ૨૭ | ૨૭ | ૧૪૭૨૦૦ |
| ૨. | ખેતમજુર | ૭૮ | – | – | – | – | – | – | ૭૮ | ૨૬૬૫૦૦ |
| ૩. | અન્ય | ૩૫ | – | – | – | – | – | – | ૩૫ | ૧૬૭૩૦૦ |
| | કુલ | ૧૪૦ | ૨૭.૩૬ | ૧૭.૩૯ | ૪૫.૩૫ | ૧,૨૪,૯૦૦ | – | ૨૭ | ૧૪૦ | ૫૮૧૦૦૦ |

કોઠા નં. ૪.૯

કુટુંબના વ્યવસાય પ્રમાણે ખેતીવિષયક સાધનોની સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | ખેતવિષયક સાધનોની સંખ્યા | | | | | | | | ખેતવિષયક સાધનોની કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાકડાનું હળ | કરબ | સમાર | વાવણિયો | નાનાં ઓજારો | લાકડાના પૈડાંવાળું ગાડું | પાકો કૂવો | ઓઈલ એન્જીન | |
| ૧. | ખેડૂત | ૮ | ૬ | ૫ | ૭ | ૮૭ | ૪ | ૧ | ૧ | ૪૩૧૫૫ |
| ૨. | ખેતમજુર | – | – | – | – | – | – | – | – | – |
| ૩. | અન્ય | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૮ | ૬ | ૫ | ૭ | ૮૭ | ૪ | ૧ | ૧ | ૪૩૧૫૫ |

<u>પશુધન</u> :

તપાસેલ કુટુંબો ખેતી ઉપરાંત મજુરી અને પશુપાલનના ધંધામાંથી થોડી ઘણી આવક મેળવતાં હતાં. તપાસેલ કુટુંબમાંથી કુલ ૧૫ કુટુંબ પાસે એકએક ગાય હતી, જ્યારે ૫૭ કુટુંબો પાસે એકએક ભેંસહતી. ખેતમજુર કુટુંબમાંથી પણ ૫૦ ટકા કુટુંબો ભેંસ ધરાવતાં હતાં. સરેરાશ કુટુંબદીઠ રૂા.૧૩૨૨નું પશુધન હતું. જુથવાર જોઈએ તો ખેડૂત કુટુંબ પાસે રૂા.૨૧૩૭, ખેતમજુર કુટુંબ પાસે ૧૨૩૩ અને નોકરી - વ્યવસાય કરતાં કુટુંબ પાસે ૮૯૨ રૂા.નું પશુધન હતું. જો કે પશુપાલનના ધંધામાંથી કુલ આવકના લગભગ ૫ ટકા આવક મેળવતાં હતાં. વ્યવસાય પ્રમાણે પશુધનની સંખ્યા અને કિંમત કોઠા નં. ૪.૧૦માં આપવામાં આવી છે.

## કોઠા નં. ૪.૧૦

### વ્યવસાય પ્રમાણે પશુધનની સંખ્યા અને કિંમત દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | ગાય | ભેંસ | ઘેટાં બકરાં | બળદ | વાછરડા વાછરડી | મરઘાં | પશુધનની કુલ કિંમત | કુટુંબદીઠ પશુધનની કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૨૭ | ૩ | ૮ | – | ૧૩ | ૮ | – | ૫૭,૭૦૦ | ૨૧૩૭ |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૭ | ૩૩ | ૧ | – | ૧૭ | – | ૯૬,૨૦૦ | ૧૨૩૩ |
| ૩. | અન્ય | ૩૫ | ૫ | ૯ | – | – | ૭ | – | ૩૧,૨૫૦ | ૮૯૨ |
| | કુલ | ૧૪૦ | ૧૫ | ૫૦ | ૧ | ૧૩ | ૩૨ | – | ૧,૮૫,૧૫૦ | ૧૩૨૨ |

<u>આવક – ખર્ચ અને દેવું :</u>

લઘુ વિસ્તારના આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ સારી નહી હોવાથી તથા પૂરતા ખેતવિષયક સાધનો ન હોવાથી આ લોકોમાં ખેતીનું પ્રમાણ ખૂબ ઓછું છે. તદ્ઉપરાંત તેઓ બીજાની સરખામણીમાં પૂરતુ ઉત્પાદન નથી મેળવી શકતાં. ઉત્પાદન ઓછું હોવાથી આવક પણ ઓછી ખેતીની આવક ઓછી હોવાથી તેમણે ખેતી સાથે અન્ય કામ પણ કરવું પડે છે જેમ કે ખેતમજુરી, પશુપાલન વગેરે.

નમૂનાના કુટુંબોની આવક જોતાં કુલ ૫૯૭૬૮૦ રૂા.ની આવકમાંથી ખેતીની આવક ૭૩૮૦૦ રૂા.ની થતી હતી. જે કુલ આવકના ૧૨.૩૪ ટકા આવક ખેતીની હતી. ખેતમજુરીની કુલ આવક ખેતીની હતી. ખેતમજુરીની કુલ આવક ૨૭૦૦૫૦ રૂા. જે કુલ આવકના ૪૫.૧૮ ટકા થાય છે. પશુપાલનની આવક ૨૯૯૫૦રૂા. જે કુલ આવકનાં ૫.૦૨ ટકા, વેપારમાંથી ૪૦૦૦ રૂા. જે કુલ આવકના ૦.૬૭ ટકા નોકરીમાંથી ૧૬૮૩૮૦ રૂા. જે કુલ આવકના ૨૮.૧૭ ટકા કડિયા કામમાંથી ૧૩૫૦૦ રૂા. જે કુલ આવકના ૨.૨૬ ટકા, દરજીકામમાંથી ૨૦૦૦ રૂા. જે કુલ આવકના ૦.૩૪ ટકા, હીરા ઘસવાના વ્યવસાયમાંથી ૨૭૫૦૦ રૂા. જે કુલ આવકના ૪.૬૦ ટકા અને સોનીકામમાંથી ૮૫૦૦ રૂા. જે કુલ આવકના ૧.૪૨ ટકા થાય છે.

જુદા જુદાં વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુલ આવકની વિગતવાર માહિતી કોઠા નં. ૪.૧૧ માં દર્શાવવામાં આવી છે.

## કોઠા નં. ૪.૧૧

### જુદાં જુદાં વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવક દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | જુદાં જુદાં વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી આવક (રૂા.માં) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખેતી | ખેતમજુરી | પશુપાલન | વેપાર | નોકરી | કડીયાકામ | દરજીકામ | હીરા ઘસવામાંથી | સોનીકામ | કુલ આવક |
| ૧. | ખેડૂત | ૩૭ | ૨૭૩૩ | ૧૫૭૪ | ૨૩૩ | ૧૪૮ | ૨૯૭ | - | - | - | - | ૪૯૮૫ |
| | | | (૫૪.૮) | (૩૧.૬) | (૪.૮) | (૨.૯) | (૫.૯) | | | | | (૧૦૦.૦) |
| ૨. | ખેતમજુર | ૭૮ | - | ૨૬૦૪ | ૨૪૫ | - | ૧૯૨ | - | - | - | - | ૩૦૪૧ |
| | | | | (૮૫.૭) | (૮.૦) | | (૬.૩) | | | | | (૧૦૦.૦) |
| ૩. | અન્ય | ૩૫ | - | ૬૯૮ | ૧૨૮ | - | ૪૧૫૪ | ૩૮૬ | ૫૭ | ૭૮૬ | ૨૪૩ | ૬૪૫૨ |
| | | | | (૧૦.૮) | (૨.૦) | | (૬૪.૪) | (૫.૯) | (૦.૯) | (૧૨.૨) | (૩.૮) | (૧૦૦.૦) |
| | કુલ | ૧૪૦ | ૫૨૭ | ૧૯૨૯ | ૨૧૪ | ૨૮ | ૧૨૦૪ | ૯૬ | ૧૪ | ૧૯૬ | ૬૧ | ૪૨૬૯ |
| | ટકા | | (૧૨.૩૪) | (૪૫.૧૮) | (૫.૦૨) | (૦.૬૭) | (૨૮.૧૭) | (૨.૨૬) | (૦.૩૪) | (૪.૬૦) | (૧.૪૨) | (૧૦૦.૦૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુટુંબદીઠ પ્રાપ્ત થતી માસીક આવક જોતાં કુલ આવકમાંથી ખેતીની કુટુંબદીઠ આવક માત્ર ૪૪ રૂા. થાય છે. ખેતમજુરીમાંથી ૧૬૧ રૂા. પશુ-પાલનમાંથી ૧૮ રૂા. વેપારમાંથી માત્ર ૨ રૂા. નોકરીમાંથી ૧૦૦ રૂા. કડીયાકામમાંથી ૮ રૂા. દરજીકામમાંથી ૧ રૂા. હીરા ઘસવાના વ્યવસાયમાંથી ૧૬ રૂા. અને સોનીકામમાંથી ૫ રૂા. કુટુંબદીઠ માસીક આવક પ્રાપ્ત થાય છે.

આમ લઘુ વિસ્તારના આદિવાસીઓની આવકનો મુખ્ય આધાર ખેતમજુરી છે તે સ્પષ્ટ પણે જોઈ શકાય છે.

જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુટુંબદીઠ માસીક આવકની વિગતવાર માહિતી કોઠા નં. ૪.૧૨ માં દર્શાવવામાં આવી છે.

## કોઠા નં. ૪.૧૨

### જુદા જુદા વ્યવસાયમાંથી પ્રાપ્ત થતી કુટુંબદીઠ માસીક આવક (રૂા.માં)

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | ખેતી | ખેતમજુરી | પશુપાલન | વેપાર | નોકરી | કડીયાકામ | દરજીકામ | હીરા ઘસવામાંથી | સોનીકામ | કુલ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૨૨૮ | ૧૩૧ | ૨૦ | ૧૨ | ૨૫ | – | – | – | – | ૪૧૬ |
| | | (૫૪.૮) | (૩૧.૫) | (૪.૮) | (૨.૮) | (૬.૦) | | | | | (૧૦૦.૦૦) |
| ૨. | ખેતમજુર | – | ૨૧૭ | ૨૧ | – | ૧૬ | – | – | – | – | ૨૫૪ |
| | | | (૮૫.૪) | (૮.૩) | | (૬.૩) | | | | | (૧૦૦.૦૦) |
| ૩. | અન્ય | – | ૫૮ | ૧૧ | – | ૩૪૬ | ૩૨ | ૫ | ૬૫ | ૨૦ | ૫૩૭ |
| | | | (૧૦.૮) | (૨.૧) | | (૬૪.૪) | (૫.૯) | (૦.૯) | (૧૨.૨) | (૩.૭) | (૧૦૦.૦૦) |
| | કુલ | ૪૪ | ૧૬૧ | ૧૮ | ૨ | ૧૦૦ | ૮ | ૧ | ૧૬ | ૫ | ૩૫૬ |
| | ટકા | (૧૨.૪) | (૪૫.૩) | (૫.૨) | (૦.૬) | (૨૮.૧) | (૨.૨) | (૦.૩) | (૪.૫) | (૧.૪) | (૧૦૦.૦૦ |

કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

તપાસેલ કુટુંબની સરેરાશ કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા.૪૨૭૨ ની હતી. જૂથવાર જોઈએ તો ખેડૂત કુટુંબની વાર્ષિક આવક રૂા.૪૯૯૨, ખેતમજુર કુટુંબની વાર્ષિક આવક રૂા.૩૦૪૮ અને અન્ય નોકરી કરતાં કુટુંબની વાર્ષિક આવક રૂા.૬૪૪૪ ની હતી. સાતમી પંચવર્ષીય યોજનામાં ગરીબી રેખા માટે ગ્રામીણ વિસ્તારમાં વાર્ષિક આવક રૂા.૬૪૦૦ અને શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂા. ૭૩૦૦ નો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે.* આ સિધ્ધાંતને આધારે જોઈએ તો તપાસેલ સમગ્ર કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં. અમોએ ખેતમજુર કુટુંબની સ્થિતિ તો ઘણીજ દયાજનક હતી તેમની વાર્ષિક આવક માત્ર રૂા. ૩૦૪૮ ની હતી.

---

*The definition of poverty line to be adopted in the Seventh Plan is the annual household income of Rs.6,400 in rural areas and Rs.7,300 in urban areas: (The Newsletter Vol.IV, March 1986 No.3, Government of India Commission for SC & ST, Ministry of Welfare, Lok Nayak Bhavan, New Delhi 110003).

<u>ખર્ચ</u> : -

લઘુ વિસ્તારના આદિવાસીઓના વપરાશી ખર્ચની વિગતો જોતા તપાસેલા ૧૪૦ કુટુંબમાં કુલ ખર્ચમાંથી ૭૭.૮૩ ટકા ખર્ચ ખાધાખોરાકી પાછળ, ૨.૭૦ ટકા ખર્ચ બળતણ પાછળ, ૮.૧૬ ટકા ખર્ચ કપડાં પગરખાં પાછળ, ૦.૮૯ ટકા ખર્ચ સામાજીક પ્રસંગો પાછળ, ૦.૭૭ ટકા ખર્ચ ધાર્મિક હેતુઓ પાછળ, ૦.૪૩ ટકા ખર્ચ શિક્ષણ પાછળ, ૧.૯૮ ટકા ખર્ચ મોજશોખ પાછળ, ૫.૪૨ ટકા ખર્ચ દારુ-બીડી અને તમાકુ જેવા વ્યસનો પાછળ ૦.૭૩ ટકા ખર્ચ દવાદારુ પાછળ અને ૧.૦૯ ટકા ખર્ચ મુસાફરી પાછળ થતો જોવામાં આવે છે આમ કુલખર્ચમાંથી આશરે ૮૦.૦૦ ટકા ખર્ચ ખાધાખોરાકી પાછળ અને માત્ર ૨૦.૦૦ ખર્ચ અન્ય હેતુઓ પાછળ થતો જોવામાં આવે છે.

વપરાશી ખર્ચની વિગતવાર માહિતી કોઠા નં.૪.૧૩ માં દર્શાવવામાં આવી છે.

## કોઠા નં. ૪.૧૩

વ્યવસાય પ્રમાણે વાર્ષિક વપરાશી ખર્ચની માહિતી દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | વપરાશી ખર્ચની વિગતો (રૂા. માં) ખાધા ખોરાકી | બળતણ | કપડાં પગરખાં | સામાજીક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ મનોરંજન | દારુ બીડી- તમાકુ | દવાખાનું | મુસાફરી | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ખેડૂત | ૨૭ | ૨૯૯૨ (૭૮.૫) | ૧૧૯ (૩.૨) | ૩૧૨ (૮.૫) | ૪૩ (૧.૨) | ૨૯ (૦.૭) | ૧૪ (૦.૪) | ૩૯ (૧.૦) | ૧૭૬ (૪.૭) | ૨૩ (૦.૬) | ૪૪ (૧.૨) | ૩૭૨૧ (૧૦૦.૦૦) |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૨૪૨૯ (૮૦.૦) | ૬૪ (૨.૧) | ૨૩૪ (૭.૮) | ૧૮ (૦.૬) | ૧૭ (૦.૫) | ૧૦ (૦.૩) | ૪૯ (૧.૬) | ૧૬૬ (૫.૬) | ૧૯ (૦.૬) | ૨૭ (૦.૯) | ૩૦૩૩ (૧૦૦.૦૦) |
| ૩. | અન્ય | ૩૫ | ૨૬૦૦ (૭૩.૦) | ૧૨૩ (૩.૪) | ૩૧૪ (૮.૮) | ૪૩ (૧.૨) | ૪૧ (૧.૨) | ૨૪ (૦.૭) | ૧૨૧ (૩.૪) | ૨૧૦ (૫.૯) | ૩૬ (૧.૦) | ૪૯ (૧.૪) | ૩૫૬૧ (૧૦૦.૦૦) |
| | કુલ | ૧૪૦ | ધ૫૬૭ | ૮૯ | ૨૬૯ | ૨૯ | ૨૬ | ૧૪ | ૬૬ | ૧૭૮ | ૨૪ | ૩૬ | ૩૨૯૮ |
| | ટકા(%) | | (૭૭.૮૩) | (૨.૭૦) | (૮.૧૬) | (૦.૮૯) | (૦.૭૭) | (૦.૪૩) | (૧.૯૮) | (૫.૪૨) | (૦.૭૩) | (૧.૦૯) | (૧૦૦.૦૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

આજરીતે કુટુંબદીઠ માસિક વપરાશી ખર્ચની વિગત તપાસીએ તો કુલખર્ચમાંથી ખાદ્યાખોરાકી પાછળ ૨૧૪ રૂા. બળતણ પાછળ ૭ રૂા. કપડાં-પગરખા પાછળ ૨૨ રૂા. સામાજીક હેતુ માટે ૨ રૂા. ધાર્મિક હેતુ માટે ૨ રૂા. શૈક્ષણિક હેતુ માટે ૧ રૂા. મોજશોખ અને મનોરંજન પાછળ ૫ રૂા. દારુ-તમાકુ બીડી જેવાં વ્યસનો પાછળ ૧૫ રૂા. દવા પાછળ ૨ રા. અને મુસાફરી પાછળ ૩ રૂા. ખર્ચ જોવામાં આવે છે. આમ લઘુ વિસ્તારના આદિવાસીઓમાં કુટુંબદીઠ કુલ ખર્ચ રૂા. ૨૭૩ થાય છે. તેમાં પણ જે ખેડૂત કુટુંબો છે તેઓનો કુટુંબદીઠ માસિક કુલખર્ચ રૂા.૩૦૯ ખેતમજુર કુટુંબોનો કુટુંબદીઠ મ માસિક કુલ ખર્ચ રૂા. ૨૫૨ અને અન્ય કુટુંબોનો કુટુંબદીઠ માસીક કુલ ખર્ચ રૂા.૨૯૬ થાય છે. આમ તપાસેલા ૧૪૦ કુટુંબોમાંથી ખેડૂત કુટુંબોનો માસિક ખર્ચ સૌથી વધુ થાય છે. અને ખે ખેતમજુર કુટુંબોનો સૌથી ઓછો ખર્ચ થાય છે.

કુટુંબદીઠ માસિક વપરાશી ખર્ચનું વિગતવાર વિશ્લેષણ કોઠા નં. ૪.૧૪ માં દર્શાવવામાં આવ્યું છે.

## કોઠા નં. ૪.૧૪

### વ્યવસાય પ્રમાણે કુટુંબદીઠ માસિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | વપરાશી ખર્ચની વિગતો (રૂા.માં) | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ખાધા ખોરાકી | બળતણ | કપડાં પગરખાં | સામાજીક | ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ મનોરંજન | દારુ બીડી-તમાકુ | દવાદારુ | મુસાફરી | કુલ ખર્ચ |
| ૧. | ખેડૂત | ૨૭ | ૨૪૩ (૭૮.૫) | ૧૦ (૩.૨) | ૨૬ (૮.૫) | ૪ (૧.૩) | ૨ (૦.૬) | ૧ (૦.૩) | ૩ (૦.૯) | ૧૫ (૪.૮) | ૨ (૦.૬) | ૪ (૧.૩) | ૩૧૦ (૧૦૦.૦) |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૨૦૨ (૭૯.૯) | ૫ (૧.૯) | ૨૦ (૭.૯) | ૨ (૦.૮) | ૧ (૦.૪) | ૧ (૦.૪) | ૪ (૧.૬) | ૧૪ (૫.૫) | ૨ (૦.૮) | ૨ (૦.૮) | ૨૫૩ (૧૦૦.૦) |
| ૩. | અન્ય | ૩૫ | ૨૧૭ (૭૩.૦) | ૧૦ (૩.૪) | ૨૬ (૮.૮) | ૪ (૧.૩) | ૩ (૧.૦) | ૨ (૦.૭) | ૧૦ (૭.૪) | ૧૮ (૬.૧) | ૩ (૧.૦) | ૪ (૧.૩) | ૨૯૭ (૧૦૦.૦) |
| | કુલ | ૧૪૦ | ૨૧૪ (૭૭.૮૩) | ૭ (૨.૭૦) | ૨૨ (૮.૧૬) | ૨ (૦.૮૯) | ૨ (૦.૭૭) | ૧ (૦.૪૩) | ૪૫ (૧.૯૮) | ૧૫ (૫.૪૨) | ૨ (૦.૭૩) | ૩ (૧.૦૯) | ૨૭૩ (૧૦૦.૦૦) |

તપાસેલ કુટુંબનો સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ.૩૨૯૬ હતો. જૂજવાર જોઈએ તો ખેડૂત કુટુંબનો રૂ. ૩૭૨૦, ખેતમજુર કુટુંબનો રૂ.૩૦૩૬ અને નોકરી કરતાં કુટુંબનો રૂ.૩૫૫૨ નો હતો. માથાદીઠ માસિક ખર્ચ રૂ.૫૨.૯૦ નો હતો. ખર્ચના સિધ્ધાંતને આધારે બધા કુટુંબો ગરીબીની રેખાનીચે જીવન વ્યતિત કરતા હતા.

૪ દેવું :

લઘુ વિસ્તારના આદિવાસીઓના દેવાની વિગત તપાસતાં ૧૪૦ કુટુંબોમાંથી ૩૪ કુટુંબોને એટલેકે ૨૪.૨૯ ટકા કુટુંબોને દેવું હતું. જ્યારે ૧૦૬ કુટુંબો એટલેકે ૭૫.૭૧ ટકા કુટુંબોને દેવું ન હતું. જે લોકો દેવાદાર હતાં તેમાંથી કુલ દેવાના (૫૧૪૦૦ રૂ.) ૧૫૦૦૦ રૂ. (૨૯.૧૯%) શાહુકાર અને વેપારી પાસેથી લીધેલાં હતાં. ૨૫૧૦૦ રૂ. (૪૮.૮૩%) સહકારી મંડળી પાસેથી લીધેલાં હતાં. ૨૫૦ રૂ. (૦.૪૮%) બેંક પાસેથી લીધેલાં હતાં. અને ૧૧૦૫૦ રૂ. (૨૧.૫૦%) સગાવહલાં પાસેથી લીધેલાં હતાં.

આમ લઘુવિસ્તારનાં આદિવાસી કુટુંબોમાં તપાસવામાં આવેલાં કુટુંબોમાંથી બહુજ ઓછાં લોકો ઉપર દેવાનો ભાર હતો. આના કારણમાં તપાસ દરમ્યાન એવું જાણવા મળ્યું હતું કે આદિવાસી કુટુંબોને કોઈ નાણાં ધીરતું ન હતું. જે થોડા કુટુંબોને ઉછીના નાણાં મળતાં હતાં. તેઓને અગાઉથી મજુરીને બંધાવું પડતું હતું. તથા જે કુટુંબમાં માસિક ચોકકસ આવક હતી તેમને જ શાહુકાર - વેપારી એક માસ માટે ખાધાખોરાકીનો માલસામાન ઉધાર આપતાં હતાં.

જે કટુંબો માથે દેવું હતું તેમાંથી ૪૧.૭૩ ટકા ઘરખર્ચના હેતુ માટે ૮.૯૫ ટકા સામાજીક હેતુસર ૮.૨૭ ટકા પશુની ખરીદી માટે અને ૪૧.૦૫ ટકાએ ખેતી માટે દેવું કરેલું હતું.

સંસ્થાકીય અને હેતુવાર દેવાની વિગતવાર માહિતી અનુક્રમે કોઠા નં. ૪.૧૫ અને ૪.૧૬ માં દર્શાવવામાં આવી છે.

કોઠા નં. ૪.૧૫

વ્યવસાય પ્રમાણે સંસ્થાકીય દેવાની વિગત દર્શાવતો કોઠો.

| ક્રમ | કુટુંબનો વ્યવસાય | કુલ કુટુંબો | સંસ્થાકીય દેવાની વિગત ( રૂા. માં ) | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | દેવું છે ? | | શાહુકાર/ વેપારી | સરકાર | સહકારી મંડળી | બેંક | સગાવહાલાં | કુલ દેવું |
| | | | હા | ના | | | | | | |
| ૧. | ખેડૂત | ૨૭ | ૯ | ૧૮ | ૫૨૦૦ | – | ૨૧૧૦૦ | – | ૩૩૦૦ | ૨૯૬૦૦ |
| ૨. | ખેતમજુર | ૭૮ | ૨૩ | ૫૫ | ૮૦૦૦ | – | – | ૨૫૦ | ૭૭૫૦ | ૧૬૦૦૦ |
| ૩. | અન્ય | ૩૫ | ૨ | ૩૩ | ૧૮૦૦ | – | ૪૦૦૦ | – | – | ૫૮૦૦ |
| | કુલ | ૧૪૦ | ૩૪ | ૧૦૬ | ૧૫૦૦૦ | – | ૨૫૧૦૦ | ૨૫૦ | ૧૧૦૫૦ | ૫૧૪૦૦ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૨૪.૨૯ | ૭૫.૭૧ | ૨૯.૧૯ | – | ૪૮.૮૩ | ૦.૪૮ | ૨૧.૫૦ | ૧૦૦.૦૦ |

<u>કોઠા નં. ૪.૧૬</u>

<u>વ્યવસાય પ્રમાણે જુદાંજુદા હેતુવાર દેવાની વિગત દર્શાવતો કોઠો</u>

| ક્રમ | કુટુંબો વ્યવસાય | જુદાં જુદા હેતુવાર દેવું (રૂ.માં) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ઘરખર્ચ | સામાજીક | પશુખરીદી | ખેતી | કુલ દેવું |
| ૧. | ખેડૂત | ૬૨૦૦ | ૨૩૦૦ | - | ૨૧૧૦૦ | ૨૯૬૦૦ |
| ૨. | ખેતમજુર | ૧૩૪૫૦ | ૨૩૦૦ | ૨૫૦ | - | ૧૬૦૦૦ |
| ૩. | અન્ય | ૧૮૦૦ | - | ૪૦૦૦ | - | ૫૮૦૦ |
| | કુલ | ૨૧૪૫૦ | ૪૬૦૦ | ૪૨૫૦ | ૨૧૧૦૦ | ૫૧૪૦૦ |
| | ટકા | ૪૧.૭૩ | ૮.૯૫ | ૮.૨૭ | ૪૧.૦૫ | ૧૦૦.૦૦ |

<u>શ્રમસંગઠન</u> :

સીસોદ્રા ગણેશ પોકેટ વિસ્તારમાં તપાસવામાં આવેલાં લગભગ બધાંજ ગામોમાં ખેતમજુરોને પોતાનાં જ ગામોમાં અને નજીકના ગામોમાં મજુરી મળી રહેતી હતી. આ મજુરી તેમને વર્ષના ૩ થી ૫ માસ એટલે કે ૯૦ થી ૧૫૦ દિવસ સુધી મળી રહેતી. કેટલાક ગામોમાંથી નવસારી છૂટક મજૂરી કરવા પણ જતાં હતાં. કેટલાક લોકો નજીકમાં આવેલી સુગર ફેકટરી અને જી.આઇ.ડી.સી. સંકુલમાં આવેલાં જુદાંજુદાં કારખાનાઓમાં પણ મજૂરીકામ માટે જતાં હતાં. તેઓને ખેતમજુરીમાં એક દિવસના ૫ થી ૭ રૂા. સુધી દૈનિક મજુરી મળતી હતી. જ્યારે ખાંડના કારખાનામાં અને જી.આઇ.ડી.સી. સંકુલમાં આનાથી વધુ એટલેકે ૧૦ રૂા. થી ૧૫ રૂા. સુધી દૈનિક વેતન મળતું હતું. લઘુ વિસ્તારના ગામોમાં કોઇપણ મજૂરીમંડળી જોવામાં આવી નથી.

## પ્રકરણ - ૫

## સીસોદરા ગણેશ પોકેટ વિસ્તારનો વિકાસ કાર્યક્રમ અને આયોજન.

**પ્રાસ્તાવિક :**

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસતિ પૂર્વની ડુંગરાળ પટ્ટીમાં આવેલી છે. રાજ્યમાં આદિવાસીઓની મુખ્યત્વે વસતિ આઠ જિલ્લામાં (બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ભરુચ, સુરત, વલસાડ, ડાંગ અને પંચમહાલ) આવેલી છે. ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિવાસીઓની કુલ વસતિ ૪૮.૪૯ લાખની છે જે રાજ્યની કુલ વસતિના ૧૪ ટકા જેટલી છે.

વિકાસની દ્રષ્ટિના અભિગમ તરીકે રાજ્યના આદિવાસી વિસ્તારોને મુખ્યત્વે નીચેના ચાર વિભાગોમાં વિભાજીત કરવામાં આવ્યાં છે. જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન ઉપયોગ થઈ શકે.

| | | |
|---|---|---|
| (૧) | Areas of Tribal Concentration : | આદિવાસી સંકલિત વિસ્તાર ~~લઘુવિસ્તાર~~ |
| (૨) | Pocket Areas (MADA) (Modified : Area Dev. Approach) | લઘુ વિસ્તાર |
| (૩) | Dispersed Tribals : | વેરવિખેર આદિવાસીઓ |
| (૪) | Primitive groups : | આદિમ જૂથો |

**આદિવાસી વિસ્તાર પેટા યોજના (TASP)**

રાજ્યમાં ૩૨ તાલુકાઓમાં આદિવાસીઓની વસતિ ૫૦ ટકા કરતાં પણ વધુ છે. આ બધા વિસ્તારોને આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે. રાજ્યની કુલ ૪૮.૪૯ લાખની આદિવાસી વસતિમાંથી ૩૭.૩૮ લાખની વસતિ એટલેકે કુલ વસતિમા ૭૮ ટકા વસતી આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ (TASP ) આવરી લેવામાં ~~આવેલી~~ આવેલી છે.

~~પોકેટ વિસ્તાર (MADA )~~

પોકેટ વિસ્તાર (MADA)

છઠ્ઠી પંચવર્ષીય યોજના પ્રમાણે જે વિસ્તારમાં આદિવાસીઓની વસતિ દસ હજારની હોય તેવા વિસ્તારોને પોકટેસ (લઘુ વિસ્તાર) માં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં કુલ ૧૫ પોકેટ નક્કી કરવામાં આવ્યાં છે. પરંતુ સાતમી પંચવર્ષીય યોજનામાં પંચમહાલ અને વલસાડ જિલ્લાના બીજા કેટલાક વિસ્તારોનો લઘુ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ રાજ્યમાં કુલ ૧૮ આદિવાસી પોકેટસ જાહેર કરવામાં આવ્યાં છે.

(૧) સિસોદરા ગણેશ (નવસારી)

(૨) રહેજ (ગણદેવી) (૩) ફણવેલ (વલસાડ)

(૪) અટગામ (વલસાડ) (૫) મોરા (ગોધરા)

(૬) વોવોદ્રી (ગોધરા) (૭) કઠોલા (હાલોલ)

(૮) અંકલેશ્વર (અંકલેશ્વર) (૯) આમોદ (આમોદ)

(૧૦) પલસાણા ( પલસાણા) (૧૧) કામરેજ (કામરેજ)

(૧૨) ઓલપાડ (ઓલપાડ) (૧૩) વડેલી (સંખેડા)

(૧૪) ભાટપુર (સંખેડા) (૧૫) રાણી (પાવી-જેતપુર)

(૧૬) ભિખાપુર (પાવી-જેતપુર (૧૭) વડેલી (સંખેડા)

(૧૮) ભાટપુર (સંખેડા)

રાજ્યની કુલ ૪૮.૪૯ લાખની આદિવાસી વસતિમાં ૩૭.૩૮ (૭૮ટકા) લાખનો આદિવાસી વિસ્તાર પેટા-યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે બાકીના ૨૨ ટકા આદિવાસીઓનો વસવાટ છુટાછવાયો છે. આ વેરવેખિર ૨૨ ટકા આદિવાસીઓમાંથી ૮૩.૩૪ ટકા(૮૮,૯૨,૮૭૯) આદિવાસી જિલ્લાઓમાં છે જ્યારે ૧૬.૬૪ ટકા (૧,૭૮,૫૯૯) બિનઆદિવાસી જિલ્લાઓમાં છે. વેરવિખેર આદિવાસીઓમાં મુખ્યત્વે હળપતિઓની સંખ્યા વધુ છે. અને તેઓ મોટેભાગે ખેતમજૂરો અને બિનકુશળ કારીગરો છે. આ વિસ્તારના આદિવાસીઓ આર્થિક વિકાસ કાર્યક્રમ સામાન્ય યોજના પાછળ કરવામાં આવે છે.

અને મુખ્યત્વે આવા કાર્યક્રમોમાં કુટુંબલક્ષી ( Family Oriented) કાર્યક્રમો પર ભાર મૂકવામાં આવે છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં રાજ્યની પાંચ અલ્પઅવસ્થામાં ( Primitive ) જીવન વ્યતિત કરતી કાથોડી, કોટઘા, કોટવાળિયા, સીદ્દી અને પઢાર જાતિને આદિમજૂથમાં કેન્દ્ર સરકાર દ્વારા ગણવામાં આવે છે. આ પાંચેય જાતિ આર્થિક રીતે ઘણીજ પછાત છે તેમજ તેમનામાં શિક્ષણનો દર પણ ઘણોજ નીચો છે. આ જાતિઓના આર્થિક વિકાસ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાયની જોગવાઈ કરવામાં આવી છે.રાજ્ય સરકારે આ બધી જાતિઓનું જીવન સ્તર ઊંચું લાવવા માટે અનેક વિધ વિકાસ કાર્યક્રમોનો સઘન રીતે અમલ શરુ કરી દીધો છે.

<u>લઘુવિસ્તાર એટલે શું ?</u>

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ બહાર વસતાં આદિવાસીઓ માટે લઘુ વિસ્તાર બનાવવા માટે બે માપદંડો હોવા જોઈએ એવું કહેવામાં આવ્યું છે. (૧) આદિવાસી પોકેટસની વસતિ દસ હજાર હોય અને એમાંથી ૫૦ ટકા વસતિ આદિવાસીઓની હોવી જોઈએ (૨) પોકેટસ એ કોઈપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ.

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી ન લીધેલા હોય તેવા વિસ્તારોનું આયોજન કરી વિકાસ કાર્યક્રમો શરુ કરી દેવાના હતા પરંતુ અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ આવા વિસ્તારોનું આયોજન થઈ શકયુ નહોતું. આથી ભારત સરકારના ગૃહમંત્રાલય અને રાજ્યના આદિવાસી કમિશનર વિભાગની અપેક્ષા છે કે સાતમી પંચવર્ષીય યોજનામાં પ્રથમ વરસમાં આ કામ પુરું કરી દેવું જોઈએ, જેથી યોજનાનો બાકીનો મોટો સમય એને કાર્યવિત કરવામાં વાપરી શકાય. ગુજરાત રાજ્યના પંદર આદિવાસી પોકેટસનું

આયોજનનું કાર્ય આદિમતિ વિકાસ કમિશનરશ્રીએ કેન્દ્રને સોંપ્યું હતું. મને વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના સિસોદરા ગણેશ પોકેટની આયોજનની કામગીરી સોંપવામાં આવી હતી. અહીં સિસોદરા ગણેશ પોકેટ વિસ્તારના આયોજનની ચર્ચા કરવામાં આવી છે.

પોકેટ વિસ્તારના આયોજન માટે નીચે જણાવેલ મુખ્યત્વે ધ્યેયો પર ભાર મૂકવામાં આવ્યો છે.

(૧) સિોદરા ગણેશ લઘુ વિસ્તારના ગામોની ઊંડાણ પૂર્વક તપાસ કરવી.

(૨) આ પોકેટમાં આવેલ ગામોમાં કેવા પ્રકારની સવલતો ઉપલબ્ધ છે અને આ સવલતોનો લાભ આદિવાસી લોકોને મળે છે કે કેમ તે જાણવાનો અને આ અંગેની માહિતી એકત્ર કરવાની.

(૩) તપાસના આધારે લઘુ વિસ્તારમાં રહેતા આદિવાસી લોકોની આર્થિક સામાજિક તેમજ શૈક્ષણિક સ્થિતિ જાણી તેમના પ્રશ્નો અને સમસ્યાની માહિતી મેળવી તેમનું જીવનસ્તર ઊંચુ લાવવા માટે આયોજન કરી વિવિધ પગલાંઓ સૂચવવાનું છે.

આ પોકેટના આયોજનની કામગીરી પહેલાં પોકેટના ૭૩ ગામોમાંથી ૧૦ ટકા પ્રમાણે ૭ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં અને દરેક ગામમાંથી ૨૦ આદિવાસી કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. આમ એકંદરે કુલ ૧૪૦ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. આ અભ્યાસ માટે ક્ષેત્રકાર્યની પધ્ધતિનો ઉપયોગ કરવામાં અપનાવ્યો હતો. માહિતી એકઠી કરવા માટે એક અનુસૂચિ (Schedule) તૈયાર કરવામાં આવ્યું હતું. આ અનુસૂચિ ધ્વારા કુટુંબની સામાજિક - આર્થિક અને શૈક્ષણિક માહિતી મેળવવામાં આવી હતી. આ ઉપરાંત ગામ પત્રક તૈયાર કરી પોકેટના વિસ્તારમાં ગામોમાં કયા કયા પ્રકારની સવલતો ઉપલબ્ધ છે તેની માહિતી

એકઠી કરવામાં આવી હતી. આ સિવાય કેટલીક માહિતી ગામની આગેવાન વ્યકિત, સરપંચશ્રી, તલાટી, ગ્રામસેવક, સરકારી મંડળીના પ્રમુખ-મંત્રી વગેરે પાસેથી મેળવવામાં આવી હતી. ગામમાંથી કેટલીક માહિતી સહભાગી નિરીક્ષણ પધ્ધતિ ધ્વારા મેળવવામાં આવી હતી.

વિસ્તાર પરિચય :

સિસોદરા ગણેશ પોકેટ વિસ્તાર વલસાડ જિલ્લાના નવસારી તાલુકામાં આવેલો છે. વલસાડ જિલ્લામાં નવસારી તાલુકાની ઉત્તરે ચોર્યાસી તાલુકો, સુરત જિલ્લો, દક્ષિણે ગણદેવી તાલુકો, પશ્ચિમે અરબી સમુદ્ર, પૂર્વે સુરત જિલ્લાના પલસાણા અને મહુવા તાલુકાઓની હદ આવેલી છે. તાલુકાનું ક્ષેત્રફળ ૭૩૫ ચો.કી.મી. છે,નવસારી તાલુકો ૧૩૯ ગામોનો બનેલો છે. આદિજાતિ પેટા યોજનાના વાંસદાના પોકેટ વિસ્તાર તરીકે તાલુકો જાહેર કરવામાં આવેલ છે. જેના કુલ ૧૩૯ ગામો પૈકી ૭૩ ગામો પોકેટ અને ૬૬ ગામો બીન આદિજાતી વસ્તીના ગામો છે.

૧૯૮૧ ની વસતિ ગણતરી પ્રમાણે નવસારી તાલુકાની વસતિ ૩૫૯૭૯૭ની છે જેમાં ગ્રામ્ય વસતિ ૬૨.૪૫ ટકા અને શહેરી વસતિ ૩૭.૫૫ ટકાની છે. નવસારી તાલુકાની કુલ વસતિમાં અનુસૂચિત જાતિની વસતિ ૧૫૧૧૮(૩.૨૦ ટકા) અને અનુસૂચિત જનજાતિની વસતિ ૫૬૩૮ (૨૯.૩૭ ટકા) છે. આમ કુલ વસતિના ૩૪ ટકા વસતી પછાત વર્ગના લોકોની છે.

૧૯૮૧ની વસતી ગણતરી પ્રમાણે લવીના ૭૩ ગામોની વસતી ૧૦૦૧૨૫ની છે જેના અનુસુચિત જાતિની વસ્તી કુલ વસ્તીના ૪.૮૯ ટકા (૪૯૦૯) અને અનુસૂચિત જનજાતિની વસ્તી ૫૬.૯ ટકા (૫૭૦૯૩) ની હતી અનુસુચિત જનજાતિમાં મુખ્યત્વે દુબળા, ધોડિયા, નાયક-નાયકડા, ભીલ, ઢોડિયા અને ચૌધરીની હતી. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે સૌથી વધુ વસ્તી દુબળા (હળપતિ)

(૫૬૦૬૫), નાયક નાયકડા (૧૦૧૫૦) અને ધોડિયા(૬૪૯૭) જાતિની હતી. લવીના ગામોની વસતી પરિશિષ્ટ - ૧ માં આપી છે.

અક્ષરજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ નવસારી તાલુકામાં કુલ આદિવાસી વસ્તીમાંથી ૨૪.૩૮ ટકા શિક્ષિત હતા એજ રીતે લવીના ગામોમાં અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તી જે કુલ વસતીના ૩૦.૪૨ ટકા હતી. આમ લવીના ગામોમાં સમગ્ર તાલુકાની દ્રષ્ટિએ શિક્ષણનું પ્રમાણ વધુ હતું. ગામવાર અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા પરિશિષ્ટ - ૧ માં આપવામાં આવી છે.

અભ્યાસમાં પસંદ થયેલ પાંચ ગામોની કુલ ૭૨૭ સર્વેક્ષિત વસ્તીમાંથી ૭૨.૩ ટકા લોકો અભણ હતા. માત્ર ૨૮ ટકા લોકો શિક્ષિત હતાં. કુલ પુરુષ વસ્તીમાંથી ૬૩ ટકા અજ્ઞાણ અને સ્ત્રી વસ્તીમાંથી ૮૨ ટકા અભણ હતાં. આમ પુરુષ કરતાં સ્ત્રીઓમાં નિરીક્ષરતાનું પ્રમાણ વધુ હતું.

સિસોદરા ગણેશ પોકેટના ગામોમાં આદિવાસી સિવાય અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ, કણબી પટેલ, અને મુસલમાનોની વસતી છે. બિનઆદિવાસીઓમાં અનાવિલ બ્રાહ્મણ, કણબી પટેલ વગેરે આર્થિક દ્રષ્ટિએ સધ્ધર છે તેમની પાસે વધુ જમીન છે તેઓ મોટે ભાગે હળપતિઓને ખેતીના કામમાં રોકે છે. હળપતિઓ તેમના ધણિયામણા (માસ્તર) સાથે કામમાટે જોડાયેલા હોય છે. આ વિસ્તારના સુખી સંપતિ બિનઆદિવાસીઓ હળપતિઓને હાળી તરીકે રાખે છે. અને ખેતી તેમજ ઘરનું મોટાભાગનું કામ તેમની પાસેથી કરાવતા હોય છે.

'હાળી' (Hali )એ કાયમી તેના કુટુંબ સાથે જમીનદારના ખેતર પર કામ કરનારને કહેવામાં આવે છે. હાળીની સેવા અમુક મુકરર સમય માટે નકકી કરવામાં આવતી નથી તે કાયમ માટે ચાલુ રહે છે. સામાન્ય રીતે જમીનવિહોણા ખેડૂતની ઇચ્છા લગ્ન કરવાની હોય છે ત્યારે તે માલિકની શોધ કરે છે કે જે તેને લગ્ન માટે ધીરાણ આપે આ દેવુ કાયમ માટે તેની પર રહે છે અને તે તેના માલિકની સેવા કરતો રહે છે. વરસોવરસ તેના દેવામાં વધારો થતો રહે છે અને તેને માટે ધિરાણ લીધેલ રકમ ચૂકવવાનું અશકય હોય છે. સેવાના સંબંધો ત્યારેજ બંધ થાય છેકે જયારે હાળીને બીજો માલિક લઈ જાય છે. જો કે આવા કિસ્સાઓમાં પહેલાંના માલિકને નવા માલિકને બદલો આપવો પડે છે. હાળીની ફેરબદલી એ ધંધાકીય સોદો નથી એવો અનેક અહેવાલોમાં ઉલ્લેખ છે. તેમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે હાળી વેચાતો નથી:X

આ તાલુકામાં સિંચાઈના મુખ્ય સાધનોમાં ખાનગી કૂવાઓ, તળાવો અને સરકારી નહેરો છે.તાલુકામાં આવેલા તળાવો પણ સિંચાઈમાં થોડો ઘણો ફાળો આપે છે. નવસારી તાલુકાના લવીના ગામોને પણ સુરત જિલ્લાની કાકરા પાર નહેરનો લાભ મળે છે,વલસાડ જિલ્લામાં પૂર્ણા નદી મોટી છે તે પીપલનેરના ડુંગરમાંથી નીકળી વાલોડ અને મહુવા તાલુકામાં વહેતીવહેતી નવસારી તાલુકામાં વહી છેવટે દરિયાને મળે છે. પૂર્ણાનદી પર નવસારી ગામ આવેલું છે. વલસાડ જિલ્લાનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે એટલે બધી નદીઓ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. આ સિવાય નવસારી તાલુકામાં કનાઈ ખાડી આવેલી છે. વલસાડ જિલ્લામાં તળાવો પણ ઘણાં છે. લવીના તાલુકા નવસારીમાં સરઈ, ટોપી, પડઘા, અને ઉગન ગામે તળાવો છે. નવસારી તાલુકાના કેટલાક ગામોમાં મોટા તળાવોમાં

---

X Patronage and Exploitation changing agarian Relations in South Gujarat, India Jan Breaman, University of californis place Barkeley, Los Angles, London.

માછલી ઉછેરનો ધંધો પણ ચાલે છે અને તેમાંથી ગ્રામ પંચાયતને સારી એવી આવક થાય છે. આ બંધા તળાવોમાંથી સુપડાથી કે દરવાજા વાટે પાણી લઈ આજુબાજુની જમીનમાં ખેતી અને શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. કાકરાપારમાંથી ડાબા-કાંઠાની મુજબ નહેરમાંથી ઉતરશાખાઓ અને તેમાંથી બીજી નાની-મોટી અનેક નહેરો કાઢવામાં આવી છે, આવી શાખાઓમાં નવસારી શાખા પણ મુખ્ય છે. આ શાખામાંથી લવીના ગામોને સિંચાઈનો લાભ મળે છે આમ નહેરની સિંચાઈનો ખેડૂતોને સારો લાભ મળે છે. લવીના ગામોમાં સિંચાઈની સગવડ સારી હોવાને કારણે કેળાની ખેતી પણ સારા પ્રમાણમાં થાય છે. લવીના વિસ્તારના ગામોમાં વાડીઓમાં કેરી, ચીકુ, ફણસ, આદુ, મરચાં ખૂબ થાય છે. પરંતુ મોટાભાગની વાડીઓના માલિકો અનાવિલ અને કોળી પટેલ લોકો છે. આદિવાસી તો માત્ર મજુરી કરતાં હોય છે.

લવીના વિસ્તારની જમીન કાળી છે વરસાદ પણ ૧૯૦ સે. મી. જેટલો પડે છે. તેથી કપાસ, જુવાર, શેરડી અને ડાંગર ખૂબ પાકે છે. તાલુકાની પશ્ચિમ કિનારે દરિયો આવેલો છે. દરિયા કાંઠે મીઠું પકવવામાં આવે છે. આ લઘુ વિસ્તારમાં ખાસ પ્રકારની લાલમાટી(પથરી) નીકળે છે. આ માટીમાંથી મેંગ્લોરી નળિયા બનાવવામાં આવે છે.

વલસાડ જિલ્લાનો ૧૬૨૭ કિલોમીટર સાગર કાંઠો છે. માછીમારોની સારી એવી વસ્તી છે. જિલાના દરિયા કિનારે વસતા અને મોટી નદીઓને કિનારે વસતા માછીભાઈ બહેનો માછીમારીના ઉદ્યોગમાં જોડાયેલા છે. સાથોસાથ મીઠા પાણીનો મત્સ્યઉદ્યોગ પણ સરકાર દ્વારા ખીલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જ્યાં આગળ તળાવોમાં બારેમાસ પાણી રહેતુ હોય તેવી જગ્યાએ મીઠાપાણીની માછલીનો ઉદ્યોગ ચાલે છે. લવીના ઘણા ગામોમાં

ગ્રામ પંચાયત દ્વારા મલ્લઉદ્યોગ ચલાવવામાં આવે છે.

<u>સર્વેક્ષણના મુખ્ય નિષ્કર્ષો</u>

લવિના કુલ ૭૩ ગામોમાંથી ૭ ગામો પસંદ કરી ૧૪૦ કુટુંબોની આર્થિક-સામાજિક માહિતી એકઠી કરવામાં આવી હતી. સર્વેક્ષિત ૧૪૦ કુટુંબોમાંથી ૨૭ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ૭૮ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી અન્ય ધંધામાં રોકાયેલા હતાં. ખેતીના ધંધામાં રોકાયેલાં ૨૭ કુટુંબો પાસે સરેરાશ કુટુંબદીઠ ૧.૧૮ એકર જેટલી જમીન હતી. આ ખેડૂતો પાસે ખેતીના સાધનો પણ પૂરતાં પ્રમાણમાં ન હતાં. ૨૭ ખેડૂત કુટુંબો ૧૩ જેટલા બળદ હતાં. અન્ય સાધનો પણ ઘણાજ ઓછાં હતાં. માત્ર ચાર ખેડૂતો પાસે લાકડાના પૈડાવાળા ગાડા હતાં. આમ ખેતી પર વધુ આધાર રાખવાને બદલે ખેતમજુરી તેમજ અન્યમજૂરી પર આધાર રાખવો પડે છે.

તપાસેલ કુટુંબો ખેતી ઉપરાંત મજૂરી અને પશુ પાલનના ધંધામાંથી થોડી ઘણી આવક મેળવતાં હતાં. તપાસેલ કુટુંબોમાંથી ૧૫ કુટુંબો પાસે એકએક ગાય જ્યારે ૫૦ કુટુંબો પાસે એકએક ભેંસ હતી. આમ તેમની પાસે પશુધનની સંખ્યા પણ ઘણીજ ઓછી હતી.

સર્વેક્ષિત કુટુંબ એક કરતાં વધુ વ્યવસાય પર આધાર રાખતાં હતાં. સર્વેક્ષિત કુટુંબની ૧૨ ટકા આવક ખેતીમાંથી, ૪૫ ટકા ખેતમજૂરી, ૫ ટકા પશુપાલન, ૨૮ ટકા નોકરી, ૯ ટકા કારીગીરીના કામમાંથી અને ૧ ટકા જેટલી વેપાર ધંધાની હતી. ખેડૂત કુટુંબની આવકનો મોટો ભાગ (૪૨ ટકા) ખેતમજૂરીનો હતો. અન્ય ધંધા રોજગારમાં રોકાયેલ કુટુંબમાંથી મોટાભાગના પોતાનું આગવું કામ કરવાની સાથોસાથ આજુબાજુના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક કારખાનાઓમાં નોકરી કરતાં હતાં.

તપાસમાં આવરી લીધેલ સર્વેક્ષિત કુટુંબની કુટુંબદીઠ આવક રૂા.૪૨૬૯ની હતી. ધંધાવાર વર્ગીકરણ જોઈએ તો ખેડૂત

કુટુંબની આવક રૂ.૪૯૮૫, ખેતમજૂરની રૂ.૩૦૪૧ અને નોકરી કરતાં કુટુંબની આવક રૂ.૬૪૫૨ ની હતી. સાતમી પંચવર્ષીય યોજનામાં ગરીબાઈની રેખા નક્કી કરવા માટે ગ્રામ્ય વિસ્તાર ના કુટુંબની કુટુંબદીઠ આવક રૂ.૬૪૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૭૩૦૦ સ્વીકારવામાં આવી છે. આ ધોરણના ૭૫ ટકા એટલેકે રૂ.૪૮૦૦ અને રૂ.૫૫૦૦ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુટુંબો માટે ગરીબી નિવારણ કાર્યક્રમ માટે ~~ગરીબી નિવારણ કાર્યક્રમ માટે~~ ગરીબી રેખા નક્કી થયેલ છે. આવકના આ ધોરણને ધ્યાનમાં લઈએ તો સર્વેક્ષિત બધા કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતા હતાં.

તપાસેલ કુટુંબનો સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ.૩૨૯૬ હતો. જૂથવાર જોઈએ તો ખેડૂત કુટુંબનો રૂ.૩૭૨૦, ખેતમજૂર કુટુંબનો રૂ.૩૦૩૬ અને નોકરી કરતાં કુટુંબનો રૂ.૩૫૫૨ નો હતો. માથાદીઠ માસિક ખર્ચ રૂ.૫૨.૯૦ નો હતો. વાર્ષિક વપરાશ ની રીતે જોઈએ તો પણ સર્વેક્ષિત બધાં કુટુંબો ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં.

લઘુ વિસ્તારના સર્વેક્ષિત કુટુંબોમાંથી ૨૪ કુટુંબોને દેવું હતું. કુલ દેવાના ૧/૩ ભાગ શાહુકાર-વેપારી પાસેથી લીધેલ, જ્યારે કુલ દેવામાંથી લગભગ ૫૦ ટકા દેવું ઘરખર્ચ માટે કરવામાં આવ્યું હતું.

આમ ઉપર જોયા મુજબ એકંદરે સિસોદરા ગણેશ પોકેટના વિસ્તારના લોકોની આર્થિક તેમજ શૈક્ષણિક પરિસ્થિતિ ઘણીજ ખરાબ હતી.

સિસોદરા ગણેશ પોકેટ વિસ્તારમાં વસતા આદિવાસી ઓની આર્થિક સ્થિતિ ઘણીજ નબળી છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું છે. હળપતિ લોકો પાસે ખેતીના ટાંચા સાધનો છે,પોકેટના વિસ્તારના સર્વાંગી આયોજન

આદિવાસી વિસ્તાર પેટા-યોજના વાંસદાના પ્રા યોજના અધિકારીશ્રી સાથે મળીને પંચવર્ષીય આયોજન વિચાર્યું છે. પંચ વર્ષ માટે કુલ ૧૨૯.૭૬ લાખનું આયોજન તૈયાર કર્યું છે. જેમાંથી ૬૧.૭૫ લાખની યોજનાઓ નોર્મલ બજેટ હેઠળ અને ૬૭ લાખની યોજનાઓની ન્યુકીલસ બજેટ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. જેની વિગતવાર માહિતી પરિશિષ્ટ - ૧ અને ૨ માં આપવામાં આવી છે.

સિસોદરા પોકેટ વિસ્તારમાં કુલ ૭૩ ગામોમાં આવેલા ૭૩ ગામોની વસતી અક્ષરજ્ઞાન તેમજ ખેડૂત અને ખેતમજૂરોની સંખ્યાની માહિતી પરિશિષ્ટ - ૩માં આપવામાં આવી છે.

પોકેટના વિસ્તારમાં આવેલ ગામોમાં ન્યુન્તમ જરુરિયાત સિવાયની ગામની અગત્યની સવલતોની માહિતી પરિશિષ્ટ - ૪માં આપવામાં આવી છે.

પોકેટના વિસ્તાના ગામોમાં ન્યુનતમ જરુરિયાત કાર્યક્રમ હેઠળની ગામવાર ઉપલબ્ધ સવલતો તથા સામાજિક સેવાઓ પરિશિષ્ટ - ૫ માં આપવામાં આવી છે.

## પરિશિષ્ટ - ૧

## સિસોદરા ગણેશ પોકેટ વિસ્તાર આયોજન
## (૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦ સુધી)

| ક્રમ | યોજના | પાંચ વર્ષિય આયોજન(૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦) ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ (લાખમાં) |
|---|---|---|---|
| ૧. | **ખેતી** | | |
| | ૧) આદિજાતિ લોકોને કિટસ માટે સહાય કુટુંબદીઠ રુપિયા ૧૦૦ પ્રમાણે. | ૧૧૦૦ કુટુંબ | ૧.૧૦ |
| | ૨) બળદ, બળદગાડા સુધરેલ ખાતર માટે સહાય કુટુંબદીઠ રૂ.૨૦૦૦/- | ૧૦૦ કુટુંબ | ૨.૦૦ |
| | ૩) શાકભાજીના વાવેતર ના વિકાસ માટે સહાય કુટુંબદીઠ રૂ.૧૦૦ પ્રમાણે | ૨૨૫ કુટુંબ<br>૮૦ કુટુંબ | ૦.૦૪૫<br>૦.[illegible] |
| | | ૧૫૦૫ | ૩.૨૨૫ |
| ૨. | **નાની સિંચાઈ** | | |
| | ૧) આદિજાતિ લોકોને નવા કૂવા મોટર એન્જિન માટે સહાય કુટુંબદીઠ ૫ હજાર પ્રમાણે. | ૯૫ કુટુંબ | ૪.૭૫ |
| ૩. | **વિજળી પુરવઠો** (પાવર પ્રોજેક્ટ) | | |
| | ૧) આદિજાતિના લોકો માટે ખેતીના હેતુ માટે વિજળી સહાય કુટુંબ દીઠ ૧૨૦૦ પ્રમાણે. | ૭૦ કુટુંબ | ૦.૮૪ |
| | ૨) ઘરના વિજળીકરણ માટે સહાય કુટુંબદીઠ રૂ.૨૦૦ પ્રમાણે | ૪૫૦ કુટુંબ | ૦.૯૦ |
| | | ૫૨૦ | ૧.૭૪ |

| ક્રમ | યોજના | પાંચ વર્ષીય આયોજન (૧૯૮૫-૮૬ ( થી ૧૯૮૯-૯૦) | |
|---|---|---|---|
| | | ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ (લાખમાં) |
| ૪. | પશુપાલન | | |
| | ૧) હળપતિના બકરા યુનિટ માટે ૯૦% સહાય કુટુંબદીઠ ૧૬૩૪ ની સહાય | ૨૫૦ કુટુંબ | ૪.૦૭ |
| | ૨) આદિવાસી હળપતિ સિવાય ૫૦ ટકા સહાય રૂા.૯૦૦ કુટુંબદીઠ | ૨૦૦ કુટુંબ | ૧.૮૦ |
| | ૩) હળપતિ લોકોને આઈ.આર પક્ષીઓના યુનિટ માટે ૭૫%(ટકા) સહાય કુટુંબદીઠ રૂા.૧૨૫૦ | ૨૨૦ કુટુંબ | ૨.૭૫ |
| | ૪) અન્ય આદિવાસીઓ માટે ૫૦ ટકા સહાય કુટુંબદીઠ રૂા.૭૫૦ | ૩૨૦ કુટુંબ | ૨.૪૦ |
| | ૫) શંકર ગાયની તંદુરસ્તી માટે દાણ-દવાની સહાય કુટુંબદીઠ રૂા.૧૨૫૦ ની સહાય | ૧૬૦ કુટુંબ | ૨.૦૦ |
| | ૬) સસલા યુનિટ માટે સહાય ૫૦ ટકા રૂા.૭૫૦ કુટુંબદીઠ | ૩૪ કુટુંબ | ૦.૨૫૫ |
| | | ૧૧૮૪ | ૧૩.૨૭૫ |
| ૫. | મત્સ્યઉદ્યોગ | | |
| | ૧) મત્સ્યઉદ્યોગની તળાવ સુધારણા અને નવા તળાવ બાંધકામ માટે સહાય | | |
| | અ) નવા તળાવ તળાવદીઠ ૪૦ હજાર | ૨૦ તળાવ | ૮.૦૦ |
| | બ) તળાવનું સમારકામ તળાવદીઠ રૂા.૧૦,૦૦૦/- | ૨૦ | ૨.૦૦ |
| | ૨) મત્સ્યઉદ્યોગ માટે તળાવમાં માછલાંના બી રાખવા સહાય તળાવદીઠ રૂા.૫,૦૦૦/- | ૩૦ તળાવ | ૧.૫૦ |

| ક્રમ | યોજના | પાંચ વર્ષીય આયોજન (૧૯૮૫-૮૬ (થી ૧૯૮૯-૯૦) ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ (લાખમાં) |
|---|---|---|---|
| | ૩) માછીમારીના સાધનો માટે સહાય રૂા.૧૦૦૦ વ્યકિતદીઠ | ૨૨૫ વ્યકિત | ૨.૫૦ |
| | | | ૧૪.૦૦ |
| ૬. | ડેરી વિકાસ | | |
| | ૧) ગોચર જમીનમાં ફોડરફોર્મ માટે સહાય | ૧ ફોડરફોર્મ | ૨.૦૫ |
| | ૨) આદિવાસી લોકોને ફોડરફોર્મ બનાવવાની હાસય પ્લોટદીઠ રૂા.૧૦૦ | ૪૫૦ ફદડરફોર્મ | ૦.૪૫ |
| | | | ૨.૫૦ |
| ૭. | શિક્ષણ | | |
| | ૧) શાળાના ઓરડા માટે સહાય ઓરડાદીઠ ૪૦ હજાની સહાય | ૧૬ ઓરડા | ૪.૬૦ |
| | ૨) શાળાના જૂના ઓરડા સુધારવા ૯૦ ટકા સહાય ઓરઠાદીઠ રૂા.૨ હજાર | ૧૦ ઓરડા | ૦.૨૦ |
| | ૩) પોકેટના વિસ્તારમાં નિવાસી-શાળા શરૂ કરવી. | ૧ નિવાસશાળા | ૧૦,૦૦ |
| | ૪) કન્યા છાત્રાલય | ૧ કન્યા છાત્રાલય | ૧૫,૦૦ |
| | | | ૨૫,૦૦ |
| ૮. | તબીબી (જાહેર આરોગ્ય) | | |
| | ૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના | ૧ આરોગ્ય કેન્દ્ર | ૪.૦૦ |
| | ૨) પેટા કેન્દ્રોની સ્થાપના કેન્દ્રદીઠ ૨ લાખ પ્રમાણે | ૩ પેટા કેન્દ્રો | ૬.૦૦ |
| | | | ૧૦.૦૦ |

| ક્રમ | યોજના | પાંચ વર્ષીય આયોજન (૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦) ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ(લાખમાં) |
|---|---|---|---|
| ૯. | માર્ગ વાહનવ્યવહાર | | |
| | ૧) ગ્રામ રસ્તાની સુધારણા કિ.મી.દીઠ ૨૦ હજાર રૂા. પ્રમાણે | ૫૦ કિ.મી. | ૧૦.૦૦ |
| ૧૦. | શિક્ષણ | | |
| | અ) હળપતિ બહેનોને બે જોડ કપડાં આપવાની યોજના રૂા.૨૫૦ દીઠ | ૮૦૦ બહેનો | ૨.૦૦ |
| | બ) હળપતિ બહેનોને નોટબુકો, પુસ્તકોની સહાય રૂા.૧૫૦ દીઠ | ૧૦૫૦ બહેનો | ૧.૫૭૫ |
| | ક) બાલવાડી માટે સહાય ૩૦ હજાર બાલવાડીદીઠ | ૧૦ બાલવાડી | ૩.૦૦ |
| | ડ) હળપતિ બાળકોને શાળામાં હાજરી માટે પ્રોત્સાહન અનાજ સહાય બાળકદીઠ વાર્ષિક ૨૫૦ રૂા. | ૧૦૦૦ બાળકો | ૨.૫૦ |
| | ઈ) પ્રૌઢશિક્ષણ વર્ગ ચલાવવા માટે ૧૦૦% સહાય વર્ગદીઠ ૨૫૦૦ પ્રમાણે | ૧૧૦ વર્ગ | ૨.૭૫ |
| | ઈ) બાલવાડી અને પ્રાથમિક શાળાના બાળકોને આરોગ્યની સવલતો એક યુનિટ દીઠ રૂા.૬૫૦૦ | ૩૦ | ૧.૯૫ |
| | | | ૧૩.૭૭૫ |

| ક્રમ | યોજના | પાંચ વર્ષીય આયોજન (૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦) ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ (લાખમાં) |
|---|---|---|---|
| ૧૧. | નાના ગૃહઉધોગો | | |
| | ૧) ગૃહઉધોગો ચલાવવા માટે દુકાન, કેબિનો, લારી, ઘાણી, કોળુ વગેરેમાં ૭૫ થી ૯૦ ટકા સહાય અને અન્ય આદિવાસીઓને ૫૦ ટકા સહાય લાભાર્થી દીઠ રૂા.૨૦૦૦ | ૨૫૦ લાભાર્થી | ૫.૦૦ |
| ૧૨. | શ્રમરોજગાર | | |
| | ૧) આદિવાસી અને હળપતિઓને જુદા જુદા ધંધા માટે તાલીમ ઈંટ, નળીયા, હીરા ઘસવા, ટી.વી., રેડિયો, ~~વગેરે~~ વાયરમેન વગેરે લાભાર્થીદીઠ રૂા.૨૦૦૦ | ૨૫૦ લાભાર્થી | ૫.૦૦ |
| ૧૩. | જિલ્લા ઉધોગ કેન્દ્ર | | |
| | હળપતિ અને આદિવાસી યુવક-યુવતિને નાના ઉધોગો ચલાવવા સહાય ૫૦૦૦ થી ૧૦૦૦૦ માં ૫૦ ટકા સહાય વ્યક્તિદીઠ ૫૦૦૦ પ્રમાણે. | ૮૦ લાભાર્થી | ૪.૦૦ |
| ૧૪. | હળપતિ ગૃહનિર્માણ | | |
| | હળપતિઓને મકાનની સુવિધા માટે સબસીડી રૂપિયા ૯૦૦૦ મુજબમાં ૯૦% સહાય રૂા.૮૦૦૦ પ્રમાણે. | ૧૨૫ | ૧૦.૦૦ |

| ક્રમ | યોજના | પાંચ વર્ષીય આયોજન (૧૯૮૫-૮૬ થી ૧૯૮૯-૯૦) ભૌતિક લક્ષ્યાંક | નાણાકીય જોગવાઈ (લાખમાં) |
|---|---|---|---|
| ૧૫. | <u>પાણીપુરવઠો</u> | | |
| | પાણી પુરવઠો ધરાવતા ગામોમાં ઘરમાં નળ કનેકસન માટે સહાય હળપતિ માટે ૭૫ થી ૯૦ ટકા સહાય અન્ય આદિવાસી માટે ૫૦ ટકા સહાય રૂા.૨૫૦૦૦ દીઠ | ૨૦ | ૫.૦૦ |
| ૧૬. | <u>વનવિકાસ</u> | | |
| | ૧) કિસાન નર્સરી ઉછેરવા માટે સહાય લાભાર્થીદીઠ ૩૦ પૈસા લેખે | ૩,૫૦૦૦૦ | ૧.૦૫૦ |
| | ૨) બિનપિયત ખેતી વનીકરણ એકર દીઠ સહાય પ્રથમ વર્ષે રૂા.૧૦૦, ૧૦૦ બીજા વર્ષે ૫૦ ત્રીજા વર્ષે. | ૨,૦૦૦૦૦ | ૦.૩૯૫ |
| | ૩) શાળા નર્સરી પ્રાંગણમાં વૃક્ષ ઉછેર માટે સહાય | ૧૫૦૦૦ | ૦.૩૯૬ |
| | (૪) ફળાઉ નર્સરી ઉછેર સહાય. | ૨૧૫૦૦૦ | ૦.૬૫૦ |
| | ~~૪) ખેડૂત વન વર્ધક ખેતી~~ | | ~~[illegible]~~ |
| | (૫) ખેડૂત વનવર્ધક ખેતી (શિબિર સહાય). | ૫ | ૦.૦૫૦ |
| | | | ૨.૫૦ |

## શિશોદરા ગણેશ પોકેટ વિસ્તાર તા.નવસારી
## જિલ્લા વલસાડ ૧૯૮૫-૧૯૮૬ ની
## ૧૯૮૯ - ૯૦ સુધીનું પંચવર્ષીય આયોજન.

| અનુ. નં. | યોજનાની વિગત | ભૌતિક લક્ષ્યાંક | નાણાંકીય જોગવાઈ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪. | નોર્મલ બજેટ યોજના | | |
| ૧. | શિક્ષણ | ૧૬ શાળાના ઓરડા<br>૧૦ શાળાના ઓરડા<br>૧ નિવાસી શાળા<br>૧ કન્યા છાત્રાલય | ૨૫.૦૦ |
| ૨. | તબીબી જાહેર આરોગ્ય | ૧ આરોગ્ય કેન્દ્ર<br>૩ બેઠકા કેન્દ્રો | ૪.૦૦ |
| ૩. | માર્ગવાહન વ્યવહાર | ૫૦ કિ.મી. | ૧૦.૦૦ |
| ૪. | પ્રૌઢ શિક્ષણના વર્ગો | ૧૧૦ વર્ગ | ૨.૭૫ |
| ૫. | નાનાગૃહ ઉદ્યોગો | ૨૫૦ લાભાર્થી | ૫.૦૦ |
| ૬. | શ્રમરોજગાર | ૨૫૦ લાભાર્થી | ૫.૦૦ |
| ૭. | ગૃહનિર્માણ | ૧૨૫ મકાન | ૧૦.૦૦ |
| | | | ૬૧.૭૫ લાખ |

| ક્રમ | યોજના | ભૌતિક લક્ષાંક | નાણાકીય જોગવાઇ (લાખમાં) |
|---|---|---|---|
| | **ન્યુકેલીયસ બજેટ** | | |
| ૧. | ખેતી | ૧૫૦૫ કુટુંબ | ૩.૨૨૫ |
| ૨. | નાની સિંચાઇ | ૯૫ કુટુંબ | ૪.૭૫ |
| ૩. | વિજળી પૂરવઠો | ૫૨૦ કુટુંબ | ૧.૭૪ |
| ૪. | પશુપાલન | ૧૧૮૪ કુટુંબ | ૧૩.૨૭૫ |
| ૫. | મસ્તયઉધોગ | | ૧૪.૦૦ |
| ૬. | ડેરી વિકાસ | | ૨.૫૦ |
| ૭. | શિક્ષણ | | ૧૧.૦૨૫ |
| ૮. | જિલ્લા ઉધોગ કેન્દ્ર | ૮૦ લાભાર્થી | ૪.૦૦ |
| ૯. | પાણી પુરવઠો | ૨૦ | ૧૦.૦૦ |
| ૧૦. | વન વિકાસ | | ૨.૫૦ |
| | | | ૬૭.૦૧૫ |